MANOGAT • Year-29 • Issue-11 • 10 September 2010 • Bhadarva Sud 2, Samvat 2066 • Yugabd 5112 • Price : Rs. 2/- • Pages : 20

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ

योगः कर्मसु कौशलम् ।

# મનોગત

## 'ભગવો' તો છે રાષ્ટ્રધ્વજનું અંગ
## કોંગ્રેસ તેને કહે છે આતંકવાદનો રંગ !





**પ્રત્યેક મંદિરો પર ભગવી ધજા ફરકે છે.**
**શું આ મંદિરો આતંકવાદના અડ્ડાઓ છે ?**



# કર્ણાવતી ખાતે 'રાષ્ટ્રઋષિ શ્રી ગુરુજી શતાબ્દી વિશેષાંક'નું લોકાર્પણ સમારોહ રાજ્યસભાના સદસ્ય તથા ભાજપ ગુજરાતના પ્રભારી શ્રી બલવીરપુંજની ઉપસ્થિતિમાં યોજાયો ત્યારની તસવીરો










Year - 29 • Issue - 11 • Pages - 20


• ૧૭ સપ્ટેમ્બર :
માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન ૪

• ગુજરાતની વિકાસયાત્રા રોકવા કોંગ્રેસે સી.બી.આઈ.ને સોપારી આપી છે પણ ગુજરાતની જનતાનો મિજાજ એવો છે કે કોંગ્રેસને સવાયો હિસાબ ચૂકતે કરશે જ
- નરેન્દ્રભાઈ મોદી ૫

• ભાજપને રાજકીય રીતે હરાવવાની ક્ષમતા ગુમાવી ચૂકેલી કોંગ્રેસ હવે કેન્દ્રની સત્તા દ્વારા અવરોધો ઊભા કરી રહી છે - બલબીર પુંજ ૮

• મુસ્લિમ તુષ્ટિકરણ માટે કોંગ્રેસનું કાળું રાજકારણ એટલે ભગવો આતંકવાદ ૧૦

• ૨૫ સપ્ટેમ્બર -
પં. દીનદયાળ ઉપાધ્યાય જન્મદિન ૧૩

• ભાજપાના ગુજરાત પ્રદેશના મહાનુભાવોની રાષ્ટ્રીય સ્તરે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન ગડકરીજીએ નિમણૂક કરી ૧૮


મુખપૃષ્ઠ પરનાં ફોટા
(૧) સોમનાથ મંદિર (૨) ભદ્રકાળી મંદિરના દર્શનાર્થે ગયેલા માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી


લેખન - સંકલન : • હેમંત ગોહિલ
• ડૉ. જગદીશ ભાવસાર
• નિમેષ જોશી



પત્રવ્યવહાર કાર્યાલય
પંડિત દીનદયાળ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ,
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૫૫૦૪૫૨૫/૨૬
ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
E-mail : manogat.1980@gmail.com



તંત્રી મુદ્રક પ્રકાશક :
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે પંડિત દીનદયાલ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ વતી સાધના મુદ્રણાલય ટ્રસ્ટ, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ ખાતે છપાવી પંડિત દીનદયાલ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ, દીનદયાલ ભવન, જે.પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel
On behalf of Pandit Deendayal Upadhyay Smruti Trust. Printed at Sadhana Mudranalay Trust, City Mill Compound, Kankaria Road, Ahmedabad and Publish from Pandit Deendayal Upadhyay Smruti Trust, J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.


## તંત્રીસ્થાનેથી....

### કાશ્મીર ભડકે બળે - કોંગ્રેસ રોટલા શેકે

### કોંગ્રેસની મુસ્લિમ તુષ્ટીકરણની માનસિકતાએ આ દેશની સુરક્ષા, સાર્વભૌમત્વ, સંસ્કૃતિ અને સ્વધર્મ પર કુઠારાઘાત કર્યો છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આજે લોકમુખે પણ ચર્ચા છે કે - કોંગ્રેસ સત્તા પર આવે છે અને કાશ્મીર સળગે છે. એન.ડી.એ. સરકાર વખતે કાશ્મીર સૌથી વધારે સહેલાણીઓને આવકારનારું ટૂરિઝમ સેન્ટર બન્યું હતું અને આજે ફરીથી એ જ કાશ્મીરમાં પથ્થરો ઊછળે છે. ગોળીબારો થાય છે, ગિલાની કાશ્મીરની સ્વતંત્રતાની ગુલબાંગો છેડે છે. મુસ્લિમ યુવાનોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે અને પરિણામે દેશના મુકુટસમું કાશ્મીર આજે ભડકે બળી રહ્યું છે.

કાશ્મીર માટે આઝાદીથી અત્યાર સુધી કોંગ્રેસ સતત ભૂલ કરતું રહ્યું છે. નહેરુની યુનોમાં જવાની ટિપ્પણી હોય કે સોનિયાના માર્ગદર્શનમાં મનમોહનની તાજેતરની કાશ્મીર સ્વાયત્તતાની ટિપ્પણી હોય - કોંગ્રેસે તમામ વખતે ઢીલીપોચી અને રાષ્ટ્રવિરોધી નીતિ જ અખત્યાર કરી છે. કોંગ્રેસની આ પ્રકારની ઢીલી નીતિના કારણે નુકસાન ખૂબ મોટું થાય છે. મુખ્ય ત્રણ બાબતોનો વિચાર કરીએ તો -

(૧) આંતરરાષ્ટ્રીય સ્તરે કાશ્મીર સંદર્ભે ભારત દેશની અંદર પણ શાંતિ સ્થાપી શકતું નથી તેવી નબળી છાપ ઊપસે છે.
(૨) ભારત સરકારનાં નબળાં ઉચ્ચારણોને કારણે સ્થાનિક મુસ્લિમ યુવકો ગેરમાર્ગે દોરાય છે.
(૩) ગેરમાર્ગે દોરવાયેલા મુસ્લિમ યુવકોનો રાષ્ટ્રવિરોધી તત્ત્વો ભારતમાં આતંકવાદ વકરાવવા માટે ઉપયોગ કરે છે.

દીવા જેવી સ્પષ્ટ વાત હોવા છતાં કોંગ્રેસની કાશ્મીર પ્રત્યેની નીતિ શા માટે સ્પષ્ટ નથી હોતી ? કારણ બહુ સ્પષ્ટ છે - દેશપ્રેમ કરતાં પણ મુસ્લિમ તુષ્ટીકરણની વોટબેંકની રાજનીતિ કોંગ્રેસ માટે મહત્ત્વની છે અને એટલે જ લશ્કરને પણ ડૉ. મનમોહનસિંઘ સંયમપૂર્વક કામગીરી કરવાની સૂચના આપે છે ! (ગુજરાતમાં ગોધરા વખતે પોલીસે ગુસ્સે થયેલા લોકો સામે આકરાં પગલાં કેમ ન લીધાં - એ માટે દુનિયાભરમાં કાગારોળ કરી મૂકનારા આજ લોકો હતાં.)

મિત્રો, હું બહુ સ્પષ્ટપણે માનું છું કે - કોંગ્રેસની મૂળભૂત વિચારધારામાં જ આ મુસ્લિમ તુષ્ટીકરણ એટલું બધું ઘૂસી ગયેલું છે કે આ તુષ્ટીકરણે આજે પ્રજાહિત, સમાજહિત અને રાષ્ટ્રહિતને પણ કોરાણે મૂકી દીધું છે. કોંગ્રેસની આ માનસિકતા એટલી દૃઢ છે કે તે પોતે પણ ખોટી દેખાય - પોતાના જ નિર્ણયોમાં વિરોધી દેખાય તો પણ મુસ્લિમ તુષ્ટીકરણ માટે મરણિયા બનીને ઊભી રહે છે. જુઓ -


(૧) ટોળા સામે પોલીસ એક્શન માટે કાશ્મીરમાં જુદી વાત - ગુજરાતમાં જુદી અપેક્ષા !
(૨) અફઝલ મુદ્દે સુપ્રીમની અવગણના - સોરાબુદ્દીનમાં આપખુદી ઉતાવળ !
(૩) ગરીબોને મફત અન્ન આપવાની 'ના' અને દેશની સંપત્તિ પર પહેલો અધિકાર મુસ્લિમોનો !

આવાં તો અનેક ઉદાહરણો છે કે જે કોંગ્રેસની મૂળભૂત મુસ્લિમ તુષ્ટીકરણની માનસિકતાને ઉઘાડી પાડે છે. કોંગ્રેસને પોતાનો દંભ ખુલ્લો પડે તેની ચિંતા પણ નથી તેને તો માત્રને માત્ર ચિંતા છે મુસ્લિમ મતોની.

મિત્રો - કાશ્મીરી પંડિતોને મળીએ ત્યારે એ વાત સમજાય છે કે આ દેશની શાસક પાર્ટીની આ પ્રકારની માનસિકતાએ આ દેશની સુરક્ષા, સાર્વભૌમત્વ, સંસ્કૃતિ અને સ્વધર્મ પર કેટલા મોટા કુઠારાઘાત કર્યા છે.

વંદે માતરમ્ ।

- સુરેન્દ્ર પટેલ



**૧૭ સપ્ટેમ્બર : માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન**

# 'સ્વર્ણિમ ગુજરાત'ના પ્રણેતા અને આતંકવાદને નિર્મૂળ કરવાના સંકલ્પધારી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની હાર્દિક શુભેચ્છાઓ

મહેસાણા જિલ્લાના વડનગરમાં તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૫૦ના દિને જન્મેલા શ્રી નરેન્દ્રભાઈએ રાજનીતિ શાસ્ત્રના વિષય સાથે અનુસ્નાતક સુધીનો ઉચ્ચ અભ્યાસ કરેલ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે પ્રચારક તરીકે જોડાઈ, સંગઠન અને સંસ્કારવૃત્તિથી ઘડાયેલા છે. ભાજપના અખિલ ભારતીય મહામંત્રી તરીકે દેશના વિવિધ પ્રદેશોમાં પક્ષના વિકાસ અને વિસ્તારની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી છે. સોમનાથ, અયોધ્યા રથયાત્રા અને કન્યાકુમારીથી કાશ્મીર એકતાયાત્રા, ગુજરાત ગૌરવયાત્રા તેમની આયોજનશક્તિનાં ઉમદા ઉદાહરણ છે.

નવનિર્માણ આંદોલન હોય કે કટોકટી વિરુદ્ધની ભૂગર્ભ ચળવળ, પ્રશ્ન સામાજિક ન્યાયનો હોય કે કિસાનોના અધિકારોનો, શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંઘર્ષશીલ વ્યક્તિત્વ હંમેશાં સફળ બની રહ્યું છે. હસમુખો સ્વભાવ, ઉત્સાહ અને સ્ફૂર્તિ સાથેનું કર્તવ્ય, વ્યક્તિત્વ, કાવ્યો, સાહિત્યરચનાઓમાં વિશેષ રુચિ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈ વક્તૃત્વ શૈલીના માહિર છે.

વર્ષો પહેલાં તેઓ હિમાલયમાં, તો ક્યારેક જંગલમાં ચાર-પાંચ દિવસ 'જાત સાથે સંવાદ' કરવા એકલા નીકળી પડતા. દિવાળીના દિવસોમાં પણ આપણે જ્યારે એકબીજા સ્નેહી, મિત્રોને હળવા-મળવાના કાર્યક્રમો ગોઠવતા હોઈએ છીએ ત્યારે નરેન્દ્રભાઈ 'હું મને મળવા જાઉં છું' એવો એક કાર્યક્રમ કરતા અને હિમાલયની ગોદમાં નીકળી પડતા. બસ, જાત સાથે સંવાદ... નિજાનંદ...

દુનિયામાં એવી કોઈ વ્યક્તિ જોવા નહીં મળે જેના જીવનમાં ક્યારેય દુ:ખ, નિરાશા કે હતાશા ન આવ્યાં હોય. શ્રી નરેન્દ્રભાઈના મતે દરેક વ્યક્તિના જીવનમાં એવી કોઈ વ્યક્તિ હોવી જોઈએ કે જેના ખભા પર માથું મૂકી રડી શકાય. એકવાર શ્રી નરેન્દ્રભાઈએ એક દુ:ખી સ્નેહીજનને માર્ગદર્શક એસ.એમ.એસ. કર્યો હતો જે સૌ કોઈ માટે પ્રેરણાદાયી બની રહે તેવો છે : 'બાથરૂમમાં ડોલ ભરીને રડીએ તો સંતોષ ન થાય, પણ સ્વજનના ખભા પર એક ટીપું આંસુ પાડીએ તો ભાર હળવો થઈ જાય...!'

શ્રી નરેન્દ્રભાઈએ સુખની વ્યાખ્યા પણ સરસ કરી છે : 'ફરિયાદ નહિ અને અપેક્ષા નહીં. આ બે પાટાની ગાડી એવી છે કે, સુખની ગતિમાં ક્યારેય ઓટ ન આવે. દુ:ખનું કારણ હંમેશાં અપેક્ષા જ હોય છે...!'

ગુજરાત રાજ્યની સ્થાપનાના સુવર્ણજયંતી વર્ષની ઉજવણી પ્રસંગે ગુજરાતની શક્તિ, ક્ષમતા અને સામર્થ્યની વિશ્વ સમક્ષ આગવી ઓળખ ઊભી થાય અને ગુજરાત દરેક ક્ષેત્રે નવાં કીર્તિમાન પ્રતિપાદિત કરે એવો સંકલ્પ લેવાની અપીલ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રત્યેક ગુજરાતીને કરી છે.

ગુજરાતના સફળ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાજોગ સંદેશમાં કહ્યું હતું કે, 'આતંકવાદ માનવતાવાદની સામે એક મોટું સંકટ છે. હિન્દુસ્તાનમાં જ નહીં, માનવજાતની ઉપર આતંકવાદનો ભરડો, દુનિયા આખીમાં જોવા મળે છે. દુનિયામાં સમૃદ્ધમાં સમૃદ્ધ દેશ આતંકવાદને નાબૂદ કરવા વિચારી રહ્યા છે. ગુજરાતમાં ગયા છ વર્ષથી, લગાતાર આતંકવાદ રોકવામાં આપણે સફળ રહ્યા છીએ. પણ બુઝદિલોએ, કાયર લોકોએ, પીઠ પાછળ ઘા કર્યો, હૉસ્પિટલમાં ઘા કર્યો, નિર્દોષોને મોતને ઘાટ ઉતારી દીધા, ઈશ્વર તો એમને જે સજા કરવાની હશે તે કરશે, પણ કાયદો એમને છોડવાનો નથી.' 'હું ગુજરાતની જનતાને વિશ્વાસ આપું છું કે, ગંભીરમાં ગંભીર સમસ્યાઓ વચ્ચે પણ, ગુજરાતની ધરતી પર આતંકવાદને સહન કરવામાં નહીં આવે. 'ઝીરો ટોલરન્સ' અમારી નેમ છે અને એના માટે ગુજરાત તૈયાર થાય તે મારી મથામણ છે.'

ગુજરાતને 'મર્દાના' નેતૃત્વ પૂરું પાડનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આતંકવાદના નિર્મૂલનનો સંકલ્પ જાહેર કર્યો છે જ પણ સાથે સાથે ગુજરાતના સર્વાંગી વિકાસનો સંકલ્પ પણ લીધો છે. આવો, આપણે સૌ તેમના નેતૃત્વમાં ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા કટિબદ્ધ બનીએ.

'સ્વર્ણિમ ગુજરાત'ના પ્રણેતા અને આતંકવાદને નિર્મૂળ કરવાના સંકલ્પધારી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની હાર્દિક શુભેચ્છાઓ.




# ગુજરાતની વિકાસયાત્રા રોકવા કોંગ્રેસે સી.બી.આઈ.ને સોપારી આપી છે પણ ગુજરાતની જનતાનો મિજાજ એવો છે કે કોંગ્રેસને સવાયો હિસાબ ચૂકતે કરશે જ

**- નરેન્દ્રભાઈ મોદી**

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં વિકાસના નવા નજરાણાનું લોકાર્પણ કરતાં મક્કમતાપૂર્વક જણાવ્યું કે, ગુજરાત વિકાસની નવી ઊંચાઈ સર કરી રહ્યું છે તે નહીં જોઈ શકતી કોંગ્રેસે સી.બી.આઈ.ને સોપારી આપીને ગુજરાતની વિકાસયાત્રા રોકવા તથા નરેન્દ્રભાઈ મોદીનું પત્તું કાપવા મથી રહી છે પણ ગુજરાતની જનતા તેના અસલ મિજાજથી સમય આવ્યે કોંગ્રેસને સવાયો હિસાબ ચૂકતે કરી દેશે.

મહાપાલિકા સેવાસદન દ્વારા પૂર્વ અમદાવાદના નગરજનો માટે વીર સાવરકર રમત સંકુલ, ખારીકટ કેનાલ કાયાકલ્પ પાયલોટ પ્રોજેક્ટ, નવનિર્મિત ઘોડાસર તળાવ અને રૂક્ષ્મણીબેન હૉસ્પિટલ વિસ્તૃતીકરણ પ્રકલ્પ, આયુર્વેદ હૉસ્પિટલ તેમજ રાજ્ય અનામત પોલીસ દળ માટે આવાસ બેરેકના વિકાસ પ્રોજેક્ટ મુખ્યમંત્રીશ્રી દ્વારા સમર્પિત કરવામાં આવ્યા હતા.

ખારીકટ કેનાલના કાયાકલ્પના રૂા. ૬૫ કરોડના પ્રોજેક્ટના પાયલોટ પ્રોજેક્ટ તરીકે પ્રથમ ત્રણ કિ.મી.ના કાયાકલ્પથી આ કેનાલમાં ગંદકી પ્રદૂષણમાંથી મુક્તિ મળી છે અને કોઈ ગંદકી કરશે નહીં તેવો સંકલ્પ મુખ્યમંત્રીશ્રીએ નગરજનોને લેવડાવ્યો હતો.

તેમણે સાબરમતી રીવરફ્રંટની જેમ આ ૨૨ કિ.મી. લંબાઈની ખારીકટ કેનાલનો કાયાકલ્પ સ્વર્ણિમ જયંતિ વર્ષમાં પૂર્વ અમદાવાદના ૫૦ વર્ષના દોજખ

## કેન્દ્રની દિલ્હી સલ્તનતને 'કોમનવેલ્થ'ની પડી છે, કોમનમેનની હેલ્થની પરવા નથી

કેન્દ્રની દિલ્હી સલ્તનતને ગુજરાત સાથે વિકાસની તંદુરસ્ત સ્પર્ધા કરવાનો પડકાર ઝીલવાનું આહ્વાન મુખ્યમંત્રીશ્રીએ આપ્યું હતું. 'કોમનવેલ્થ' કરતાં ગુજરાત સરકારને કોમન મેનની હેલ્થની જ ચિન્તા હૈયે વસેલી છે એમ જણાવી તેમણે કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારે કોમનવેલ્થના ભ્રષ્ટાચારથી દેશને શરમજનક સ્થિતિમાં મૂકી દીધો છે એવી સ્પષ્ટ આલોચના કરી હતી.

ગુજરાતનો આ ન્યુ સિવિલ હૉસ્પિટલનો પ્રોજેક્ટ ડિસેમ્બર-૨૦૧૨માં પૂરો થવાનો છે અને પૂર્વ અમદાવાદમાં આધુનિકતમ એવું વીર સાવરકર રમત સંકુલનું માત્ર દોઢ વર્ષમાં નિર્માણ ગુજરાતે કરી બતાવ્યું છે તેનો ગૌરવ સાથે ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે કોમનવેલ્થનો મૂળ પ્રોજેક્ટ રૂા. ૬૯ કરોડ હતો તે વધીને રૂા. ૪૫૦૦૦ કરોડનો થઈ ગયો અને એક પછી એક ભ્રષ્ટાચારના દરવાજા ખૂલી રહ્યા છે. ચાર વર્ષે પણ કોમનવેલ્થ પ્રોજેક્ટનું કામ પૂરું થયું નથી અને વડાપ્રધાનશ્રી હવે લીપાપોતીનાં થીગડાં મારવા લાગ્યા છે ! પરંતુ દેશની જનતા બધું સમજે છે અને આ પાપલીલાનો બદલો લઈને રહેશે એમ તેમણે આક્રોશપૂર્વક જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની વિકાસયાત્રામાં હવનમાં હાડકાં નાંખી રહેલા ગુજરાતવિરોધીઓને ચેતવણી આપી હતી. ગુજરાતની વિકાસયાત્રાને રોકી શકાશે નહીં, કારણ કે ગુજરાત ક્યારેય આફતોથી ડર્યું નથી, સંકટોનો સામનો કરવાનું ગળથૂથીમાં છે અને મરજીવાની ફોજ લઈને નીકળેલા ગુજરાતને સીબીઆઈના નામે ધાકધમકીથી ડરાવી શકાશે નહીં. ગુજરાતની વિકાસયાત્રાને રૂંધવાના કારસા કરનારાને ગુજરાતની જનતા પૂરેપૂરી ઓળખે છે અને આ જ જનતા જનાર્દનના આશીર્વાદથી ગુજરાત સરકાર ગુજરાતના વિકાસને વિશ્વ સમક્ષ નવી ઊંચાઈઓ ઉપર લઈ જવામાં પાછી પાની નહીં કરે એવો વિશ્વાસ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો હતો.

ખાનાની જગ્યાએ રમણીય પર્યાવરણ સર્જશે તેમ તેમણે જણાવ્યું હતું અને સમગ્ર કેનાલના પાયલોટ પ્રોજેક્ટમાં પદયાત્રા કરી જનતાનું અભિવાદન કર્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૫૦ વર્ષના ઇતિહાસમાં વિકાસનું જેટલું બજેટ ખર્ચાયું હતું તેના કરતાં પણ વધારે પાંચ જ વર્ષમાં અમદાવાદ શહેરના વિકાસનું બજેટ વાપરીને આધુનિક કાયાકલ્પ કર્યો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

દિલ્હીમાં કોમનવેલ્થ ગેઈમ્સના નામે હજારો કરોડના ભ્રષ્ટાચારોનો ભોરિંગ દિન-રાત ખૂલી રહ્યો છે અને ભારતની આબરૂ ધૂળધાણી થઈ ગઈ છે ત્યારે અમદાવાદ અને ગુજરાતમાં વીર સાવરકર રમત-ગમત સંકુલનું નિર્માણ કરીને પ્રજાનો પૈસો ઊગી નીકળ્યો છે તેવો સંકલ્પ પુરવાર કર્યો છે તેમ સંતોષપૂર્વક જણાવતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂર્વ અમદાવાદના વિકાસના નવા નજરાણા અને સાબરમતી રિવરફ્રંટ, કાંકરિયા લેક ડેવલોપમેન્ટ જેવાં જનસુખાકારી અને આર્થિક પ્રગતિનાં નવાં આયામોથી શહેરી વિકાસ ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી બતાવી છે, તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે, ગુજરાત જે રીતે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે ત્યારે ગુજરાતની પ્રગતિ જોઈ શકતી નથી તેવી કોંગ્રેસે સી.બી.આઈ.ને સોપારી આપી છે. 'મોદીનું પત્તું સાફ કરી દો, ગુજરાતનો વિકાસ રોકો.' પરંતુ ગુજરાતની જનતાનો મિજાજ સમજી લેજો. ઇન્દિરાજીના રાજ્યમાં કટોકટીના કાળમાં અત્યાચાર, જુલ્મો થયા ત્યારે આ જ જનતાએ સવાયો હિસાબ ચૂકતે કરી દીધો હતો. સી.બી.આઈ.ના આ જોરે નાચતા કૂદતા કોંગ્રેસીઓએ સમજી લેવાની જરૂર છે કે ગુજરાતની જનતા આ વખતે પણ હિસાબ ચૂકતે કરી દેશે. ગુજરાતના વિકાસની યાત્રાને રોકવાની મૂર્ખામી કરશો નહીં.

પૂર્વ અને પશ્ચિમ અમદાવાદના વિકાસની અને સુખાકારીની અસમતુલનની સ્થિતિ બદલી નાંખી છે અને પર્યાવરણ સાથે વિકાસ કર્યો છે તેની ભૂમિકા આપી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, શહેરી ગરીબ કલ્યાણ મેળા કરીને ગરીબોના હાથમાં આખેઆખો સો પૈસાનો રૂપિયો અમે પહોંચાડ્યો છે.

## વિધાનસભામાં રાજ્ય સરકારના મુખ્ય દંડક તરીકે શ્રી પંકજ દેસાઈની નિમણૂક

વિધાનસભાગૃહના નેતા અને મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારના મુખ્ય દંડક તરીકે નડિયાદના ધારાસભ્ય શ્રી પંકજકુમાર વિનુભાઈ દેસાઈની નિમણૂક કરી છે.

શ્રી પંકજ દેસાઈ રાજ્ય સરકારના મુખ્ય દંડક તરીકે રાજ્યકક્ષાના મંત્રીશ્રીનો હોદ્દો ધરાવશે.

## સ્વર્ણિમ ખેલકૂદ મહાકુંભ

**જે તરુણાઈ પર પરસેવાનો અભિષેક નથી થતો એ તરુણાવસ્થાનો વિકાસ ન થઈ શકે**
**- શ્રી નરેન્દ્રભાઈ મોદી**

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના ૫૦૦૦ વ્યાયામ શિક્ષકોની સ્વર્ણિમ ખેલકૂદ મહાકુંભની સફળતામાં મહત્ત્વની ભૂમિકા ગણાવતાં જણાવ્યું કે, ગુજરાતના ઓજ અને તેજની ઊર્જા ઉજાગર કરવાનું આ અભિયાન છે જે ગુજરાતની આવતીકાલને શક્તિશાળી બનાવશે.

ગુજરાતની સ્વર્ણિમ જયંતી ઉજવણીના વર્ષમાં યોજાઈ રહેલા ખેલકૂદ મહાકુંભ-૨૦૧૦ અંતર્ગત અડાલજ ત્રિદેવ મંદિર સંકુલમાં ગુજરાતની માધ્યમિક શાળાઓના ૫૦૦૦ જેટલા વ્યાયામ શિક્ષકોની તાલીમ શિબિર યોજાઈ હતી. યુવક-સેવા, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે આ શિબિર યોજવામાં આવી હતી.

ગુજરાતભરના વ્યાયામ શિક્ષકોની આ શિબિર રાજ્યના ઇતિહાસમાં પહેલીવાર યોજાઈ છે અને તેઓ પ્રથમ મુખ્યમંત્રીશ્રી છે જેમને વ્યાયામ પ્રવૃત્તિ સાથે જોડાયેલા શિક્ષકો સાથે સીધો સંવાદ કરવાનો અવસર મળ્યો છે તેનો નિર્દેશ કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, સ્વર્ણિમ જયંતી તો મા ગુર્જરીના ૫૦ વર્ષની યશસ્વી વિકાસયાત્રાનો અવસર છે અને તેને અમોઘ ઊર્જાના સ્રોત તરીકે પ્રેરણાનો નવો ઓપ આપવો છે.

વિદ્યાર્થીજીવન ઉપર અમીટ છાપ અને પ્રભાવ વ્યાયામ શિક્ષકોનો પડે તે માટે શારીરિક સૌષ્ઠવ, શિસ્ત, યોગ અને કઠોર પરિશ્રમની વ્યાયામ પ્રવૃત્તિ શ્રેષ્ઠ પર્યાય છે, એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, યોગ પ્રાણાયામ તરફનું પ્રશિક્ષણ આત્મસાત્ કરનારા વ્યાયામ શિક્ષકો માટે વ્યવસાય અને નિવૃત્તિમાં પણ ખાનગી ક્ષેત્રે યોગ-પ્રાણાયામ પ્રશિક્ષણની વિશાળ જરૂરિયાતનો અવસર મેળવી શકશે. ઉપરાંત ઉત્તમ વ્યાયામકુશળ વિદ્યાર્થીને રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાનું સામર્થ્ય જાગશે.

ખેલકૂદ મહાકુંભ એ ઊછરતી પેઢીને ગુર્જરી માતાની ધરતીમાં આળોટવાની, પરસેવો પાડવાની માનસિકતા કેળવે એવો અવસર છે. ધરતી સાથે નાતો બાંધવાનું,

પર્યાવરણમાં ખુલ્લી હવા લેવાનું સામર્થ્ય પંચતત્ત્વ સાથે જોડવાનું કામ વ્યાયામ શિક્ષકે કરવાનું છે એવી પ્રેરણા તેમણે આપી હતી. ખેલકૂદ માટે ગ્રામ-સમાજને સુવિચારિત રમત-કૌશલ માટે સંગઠિત-જાગૃત કરવાનો નાતો જોડવા વ્યાયામ શિક્ષક ઉદ્દીપક બને એવી અપીલ તેમણે કરી હતી. દરેક ગામ-શાળા-કૉલેજ-જિલ્લો-નગર પોતાના રમતના જૂના વિક્રમ તોડે એવો સંકલ્પ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

રમતના મેદાનમાં ખેલદિલીની ભાવના અને શિસ્ત પરિશ્રમ ઉપરાંત [illegible]વશક્તિ અને ત્વરિત નિર્ણયશક્તિનો વિકાસ થાય તે વ્યાયામ શિક્ષકના સામર્થ્યથી જ થઈ શકશે. ગુજરાતનું બચપણ અને તરુણાઈ પરિશ્રમના પરસેવાથી અભિષિપ્ત થાય તે જ વ્યાયામ શિક્ષકનું સામર્થ્ય છે એમ તેમણે હૃદયસ્પર્શી સંબોધનમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં શતરંજ-ચેસની રમતનું પ્રશિક્ષણ શાળાઓમાં આપવાની પહેલ કરી છે. તેની ભૂમિકા આપતાં જણાવ્યું કે, શતરંજમાં એવી તાકાત છે જે ધૈર્ય દ્વારા સો રંજ-તનાવ દૂર કરી શકે છે. ગુજરાતના જીવનમાં શતરંજનો પ્રભાવ વધશે તો સમાજમાં [illegible]ાવના કારણે સર્જાતાં સંકટોમાંથી મુક્તિ મેળવવાનાં દ્વાર ખૂલી જશે. ગુજરાતમાં એકીસાથે ૨૦,૦૦૦ શતરંજ ખેલસ્પર્ધા યોજવામાં આવશે જે વિશ્વવિક્રમ સર્જશે એવો નિર્ધાર મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

જે તરુણાઈ પર પરસેવાનો અભિષેક નથી થતો એ તરુણાવસ્થાનો વિકાસ ન થઈ શકે એમ કહીને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યાયામ શિક્ષકોને આહ્વાન કર્યું હતું કે, તમે તરુણોને દિવસમાં ત્રણ વખત પરસેવે ન્હાતા કરી નાખશો તો શિવજી સ્વયં પ્રસન્ન થઈ જશે. તેમણે કહ્યું કે, રમતગમતથી ધૈર્યશક્તિ અને તર્કશક્તિનો વિકાસ થાય છે. ખેલકૂદ મહાકુંભ-૨૦૧૦ની મારી વિભાવના એવી છે કે આખું ગુજરાત ખેલનું મેદાન અને, પ્રત્યેક ગુજરાતી ખેલાડી બને, ખેલદિલી અને નેતૃત્વ એ ગુજરાતનો સ્વભાવ બને. આવા મહાન કાર્યના કર્ણધાર બનવા સહુને અનુરોધ કર્યો હતો. •


## કાયદાકીય લડાઈમાં અમિત શાહ છૂટી જશે - રવિશંકર પ્રસાદ

કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. દેશવિરોધી તાકાતોને અમે સાંખી લઈશું નહિ. દેશની એકતા અને અખંડિતતાને જાળવવા સમયે-સમયે ભાજપાએ પોતાની ભૂમિકા ભજવી છે. સમગ્ર દેશમાં 'કાશ્મીર બચાવો'ના ભાગરૂપે યોજાયેલા કાર્યક્રમ અંતર્ગત ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી તેમજ રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી રવિશંકર પ્રસાદ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. શ્રી રવીશંકર પ્રસાદે પત્રકારો સાથેની વાતચીતમાં સી.બી.આઈ.ના કેન્દ્ર સરકાર તરફથી થઈ રહેલા દુરુપયોગ અંગે ચોંકાવનારી વાતો રજૂ કરી હતી. તેઓશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં જનાદેશ ગુમાવી ચૂકેલી કોંગ્રેસ, ભાજપ કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સામે ક્યારેય જીતી શકે તેમ ન હોઈ સી.બી.આઈ.નો દુરુપયોગ કરી રહી છે. આ ષડયંત્રના ભાગરૂપે ગુજરાતના ગૃહરાજ્યમંત્રી શ્રી અમિત શાહને ફસાવવામાં આવ્યા છે. શ્રી અમિતભાઈ શાહ સામેના મુદ્દા હાસ્યાસ્પદ છે. ભાજપાને ન્યાયપાલિકા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે અને કાયદાની લડાઈમાં શાહ છૂટી જશે.

તેઓએ કેન્દ્રની સરકારના સી.બી.આઈ.નો મતલબી ઉપયોગ થઈ રહ્યો હોવાના દાખલાઓ આપ્યા હતા. જગદીશ ટાઈટલર, અજીત જોગી, કુ. માયાવતી વગેરેની સામેની તપાસ કોના ઈશારે કમજોર કરાઈ રહી છે તેની દેશની પ્રજાને ખબર છે. સી.બી.આઈ. સત્તામાં રહેલી કોંગ્રેસ પાર્ટીના ઈશારે કાર્ય કરી રહી છે જે સારા સંકેત નથી.

કાશ્મીરના સંદર્ભમાં તેઓશ્રીએ પોતાની લાક્ષણિક અદામાં માર્ગદર્શન આપતાં કર્ણાવતીમાં નવાનિર્મિત થયેલા બાગેફિરદોશ હૉલમાં જણાવ્યું હતું કે કાશ્મીરની સ્વાયત્તતાના મામલે કોંગ્રેસ દેશની અખંડિતતા સામે ખતરો ઊભો કરી રહી છે. ભાજપા સરકારની નીતિઓ સામે રાષ્ટ્રવ્યાપી જંગ છેડશે અને અંતિમ પરિણામ સુધી લડશે તેવી ચીમકી તેમણે ઉચ્ચારી હતી.

શ્રી રવિશંકર પ્રસાદે સરદાર વલ્લભભાઈ પટેલનાં અનેક ઉદાહરણો ટાંકીને ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. 'કાશ્મીર બચાવો'ના સંદર્ભમાં યોજાયેલા પ્રવચન કાર્યક્રમમાં ભાજપાના પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમાર, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશિકભાઈ પટેલ, શહેર પ્રમુખશ્રી રાકેશ શાહ સહિત આગેવાનો, કોર્પોરેટરો, કાર્યકરો હાજર રહ્યા હતા.



# ભાજપને રાજકીય રીતે હરાવવાની ક્ષમતા ગુમાવી ચૂકેલી કોંગ્રેસ હવે કેન્દ્રની સત્તા દ્વારા અવરોધો ઊભા કરી રહી છે - બલબીર પુંજ

ગુજરાત ભાજપ પ્રભારીશ્રી બલબીર પુંજની વિશેષ ઉપસ્થિતિમાં જામનગર શહેર ભાજપ દ્વારા તા. ૨૮-૮-૨૦૧૦ની સાંજે ૫-૦૦ કલાકે ટાઉન હોલ ખાતે 'ન્યાય યાત્રા' અંતર્ગત વિશાળ બૌદ્ધિક સંમેલન યોજાયું હતું.

બૌદ્ધિક સંમેલનમાં હાજર રહેલ, રાષ્ટ્રીય તેમજ પ્રદેશ આગેવાનો તેમજ સમાજના શ્રેષ્ઠીઓ, બુદ્ધિજીવીઓને આવકારતાં શહેર અધ્યક્ષશ્રી અશોકભાઈ નંદાએ કહ્યું હતું કે દેશની સાંપ્રત પરિસ્થિતિમાં દેશમાં સાનુકૂળ પરિસ્થિતિના સ્થાપન માટે શ્રેષ્ઠીઓ, બુદ્ધિજીવીઓએ જ આગળ આવવું પડશે. કારણ કે દેશ અત્યારે ઘણી બધી વિટંબણાઓ વચ્ચે ઘેરાયેલ હોઈ, ભાજપે ન્યાય યાત્રાના માધ્યમથી જનજાગૃતિ અભિયાન આરંભ્યું છે.

સંમેલનને સંબોધિત કરતાં પ્રદેશ મહામંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે વિકાસની રાજનીતિથી દેશ અને દુનિયાને રાજનીતિનો નવો રાહ દેખાડતી ગુજરાત સરકારને બદનામ કરવા માટે કેન્દ્ર સરકાર સી.બી.આઈ.નો દુરુપયોગ કરી રહી છે, જેનો ગુજરાત આગામી દિવસોમાં જવાબ આપશે.

મુખ્ય વક્તા ગુજરાત ભાજપા પ્રભારી બલબીર પુંજએ 'ન્યાય યાત્રા' સંદર્ભે આયોજિત બૌદ્ધિક સંમેલનમાં કહ્યું હતુ કે એક બાજુ ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે તેની હરણફાળને ટેકો આપી વધારે વેગવાન બનાવવાને બદલે તેમાં કોંગ્રેસ પક્ષ અને કેન્દ્ર સરકાર જુદાં જુદાં ગતકડાં ઊભાં કરી આડખીલીઓ ઊભી કરી રહી છે. ભાજપને રાજકીય રીતે હરાવવાની ક્ષમતા ગુમાવી ચૂકેલી કોંગ્રેસ હવે કેન્દ્રની સત્તા દ્વારા અવરોધો ઊભા કરી રહી છે. ગુજરાતમાં સી.બી.આઈ. દ્વારા ભાજપાની સતત વધતી જતી પ્રતિષ્ઠાને અવરોધવાનો આ પ્રયાસ નથી તો શું છે ?

કારણ કે આતંકવાદ દેશને થથરાવી રહ્યો છે. ભારતમાં આતંકવિહીન અઠવાડિયાં કેટલાં ? મોંઘવારી, ભાવવધારો, કેન્દ્રીય મિનિસ્ટરો[illegible] ભ્રષ્ટાચારો, નકસલવાદ સામે નિષ્ફળતા, કાશ્મીરમાં રેઢિયાળ શાસન, કાર્બાઈડ ગેસ (એંડરસન)ના હત્યારાને છાવરવા,



માઓવાદી હિંસાખોરી આ બધા સવાલો[illegible] નિષ્ફળ ગયેલ કેન્દ્રની સરકાર સામે વિરોધ પક્ષો એકઠા થાય તો ? શું થાય ?

આ ડરથી તેમણે ગુજરાત પ્રકરણને ચગાવ્યું છે, કારણ કે ગુજરાત સરકારની લોકપ્રિયતા દિવસે ને દિવસે વધતી જ રહી છે. વિચાર તો કરો, પૂર્વ ગૃહમંત્રી અમિત શાહને ખોટી રીતે સંડોવતા કેસનાં ૨૦ હજાર પાનાં એક દિવસમાં ટાઈપ થઈ શકે ખરાં ? અરે સોહરાબુદ્દીન કોણ હતો ? આ બધા વિષયોને લઈને ભાજપા દ્વારા જનજાગૃતિ અર્થે ન્યાય યાત્રાનું

આયોજન કરવામાં આવેલ છે. ઉપરોક્ત બૌદ્ધિક સંમેલનમાં શહેરના શ્રેષ્ઠીઓ, પ્રબુદ્ધ નાગરિકો, શહેર સંગઠનના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ વિશેષ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શહેર મહામંત્રીશ્રી મનસુખભાઈ ખાણધરના માર્ગદર્શન હેઠળ શહેર મંત્રી કમલેશભાઈ સોઢા, વસંતભાઈ ગોરીએ સંભાળેલ. આભારદર્શન મહામંત્રી શ્રી ગિરધરભાઈ ફળદુએ કરેલ હતી, તેમ મીડીયા સેલના મનુભાઈ ચૌહાણની અખબારી યાદી જણાવે છે.

## પ્રદેશ મહિલા મોરચાની કારોબારી બેઠક મળી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મહિલા મોરચાની પ્રદેશ કારોબારીની બેઠક નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી જયશ્રીબેન પટેલની અધ્યક્ષતામાં કોબા ખાતે મળી હતી, જેમાં પ્રદેશ પ્રમુખ માન. શ્રી આર. સી. ફળદુ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભિખુભાઈ દલસાણિયા, રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષા શ્રીમતી સ્મૃતિ ઈરાની, રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી આર. સી. ફળદુજીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ભાજપા એ એક એવો રાષ્ટ્રીય પક્ષ છે કે જે રાષ્ટ્રની એટલે કે ભારતમાતાની સેવા કરવા સક્ષમ છે. જ્યારે અન્ય પક્ષો પોતાના વિકાસ માટે કાર્યો કરે છે જેમાં તેમની સંકુચિતતાનાં દર્શન થાય છે જે સમગ્ર રાષ્ટ્ર માટે હાનિકારક છે. રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ મહિલાઓને ઉદ્દેશી જણાવ્યું હતું કે સત્તા એ જવાબદારીનું પ્રતીક છે. તેને પરિપૂર્ણ કરવા માટે સંગઠિત બનીને કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રી આનંદીબહેન પટેલે મહિલાઓને સ્વાવલંબી બનવા માટે કેળવણીની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તે માટે પરિણામલક્ષી પ્રયાસો કરવા માટે હાકલ કરી હતી. તેમણે મહિલાઓની શક્તિને બિરદાવતાં કહ્યું હતું કે આ અશક્ય નથી. ૧૮ હજાર ગામોમાં ૧ લાખ કરતાં વધુ સખી મંડળોનું નિર્માણ થઈ ચૂક્યું છે. પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી જયશ્રીબહેન પટેલે ગુજરાત સ્ટેટ લોકલ ઓથોરિટી ઇલેક્શન માટે સજ્જ થવા




મોંઘવારી સામે રણચંડી બની જંગ છેડવા તેમજ ચરૈવેતિ ચરૈવેતિ આદેશને અનુસરી સતત કાર્યશીલ રહેવા આહ્‌વાન કર્યું હતું. પ્રદેશ કારોબારીના સમાપન સત્રમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરવા વિસ્તૃત માર્ગદર્શન આપેલ તેમજ કોંગ્રેસ સરકારની રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ વિશે પ્રકાશ પાડ્યો હતો. કોંગ્રેસની નીતિ પર ભાગલા પાડો ને રાજ કરો, જે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ છે, જ્યારે આપણા માટે રાષ્ટ્ર આપણું આરાધ્ય છે.

ભારતીય જનતા પાર્ટી મહિલાઓનો વિકાસ થાય, ઘડતર થાય તેવી વિચારધારા સાથે કાર્ય કરી રહી છે. મહિલા અને બાળકોનો ઉછેર તંદુરસ્ત બાળક આ બધી બાબતોનો વિચાર કરી આચરણમાં મૂક્યું છે. સમગ્ર વિશ્વને પ્રેરણા મળે તેવી કામગીરી ગુજરાત સરકાર કરી રહી છે. ગરીબોના (અંત્યોદય માટે) ઉત્કર્ષ માટે જે પરિણામલક્ષી પ્રયાસો કર્યા તે માટે 'અભિનંદનનો ઠરાવ' પસાર કર્યો. કોંગ્રેસની યુ.પી.એ. સરકારની અણઆવડતભરી નીતિને કારણે મોંઘવારીએ માઝા મૂકી છે. સામાન્ય માનવીનો બે ટંકનો રોટલો છીનવાઈ જાય ત્યારે 'મોંઘવારી હટાવો' માટે મહિલા મોરચાએ ઠરાવ પસાર કર્યો છે. આ બેઠકમાં મહિલામોરચાના પ્રદેશ મહામંત્રી ડૉ. જ્યોતિબહેન પંડ્યા તેમજ કુ. ભાવનાબહેન પંચાલ, મહિલા ધારાસભ્યશ્રીઓ તેમજ પ્રદેશ મહિલા પ્રતિનિધિઓ, જિલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુસ્લિમ તુષ્ટિકરણ માટે કોંગ્રેસનું કાળું રાજકારણ એટલે ભગવો આતંકવાદ

દિલ્હીમાં કાર્યરત કેન્દ્રની યુ.પી.એ. સરકારના ગૃહપ્રધાન પી. ચિદમ્બરમે દિલ્હી ખાતે યોજાયેલ રાજ્યોના પોલીસ વડાઓની બેઠકને સંબોધતાં કહ્યું કે દેશ સમક્ષ અનેક સમસ્યાઓ પડી છે. તેમણે દેશ સમક્ષના પડકારોની વાત કરી અને છેલ્લે એવી વાહિયાત વાત કરી કે દેશમાં હિન્દુ આતંકવાદ એક નવી ઘટના છે. દેશમાં થયેલા કેટલાક બોમ્બ બ્લાસ્ટ પાછળ તેમનો હાથ છે. આ દેશમાં હિન્દુ આતંકવાદ માત્ર ચિદમ્બરમને જ દેખાયો, કારણ કે ચિદમ્બરમને તો મુસ્લિમ કટ્ટરવાદીઓને રાજી કરવા હતા. કોંગ્રેસની તો એ પરંપરા રહી છે કે મુસ્લિમ મતબેંક અકબંધ રાખવા એ કોઈપણ કક્ષાએ જઈ શકે છે.

ચિદમ્બરમ્ જેવા અનેક કોંગ્રેસી નેતાઓ મુસ્લિમ મતબેંક એકે કરવા દેશમાં ઘટતી આતકવાદી ઘટનાઓને હિન્દુ આતંકવાદમાં ખપાવવા બળજબરીપૂર્વકના પ્રયત્નો કરે છે. એમાં તલભારની પણ સચ્ચાઈ નથી. કોંગ્રેસના નેતાઓ માલેગાંવ બ્લાસ્ટ, હૈદરાબાદના મક્કા મસ્જિદના બ્લાસ્ટ અને અજમેરમાં અજમેર શરીફ દરગાહમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ હિન્દુ આતંકવાદીઓએ કરાવ્યા હતા તેવાં જૂઠાણાં ચલાવે છે. માલેગાંવ હુમલાના કેસમાં સાધ્વી પ્રજ્ઞા ઠાકુર અને ભારતીય લશ્કરના લેફ્ટનન્ટ કર્નલ શ્રીકાંત પુરોહિતની ધરપકડ કરાઈ તે પછી ભારત-પાકિસ્તાન વચ્ચે દોડતી સમજૌતા એક્સપ્રેસમાં ૨૦૦૭માં થયેલા બોમ્બ બ્લાસ્ટના દોષનો ટોપલો પણ કર્નલ પુરોહિતના માથા ઉપર ઢોળી દેવાયો હતો. આ ઘટનામાં ૬૦ લોકોનો ભોગ લેવાયો હતો. આ ઘટના પણ હિન્દુ આતંકવાદીઓએ કરેલી તેવી રેકર્ડ કોંગ્રેસીઓએ વગાડ્યા કરી હતી. મક્કા મસ્જિદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ પાછળ પણ સાધ્વી પ્રજ્ઞા ઠાકુર અને કર્નલ પુરોહિત સંકળાયેલાં છે અને અભિનવ ભારત નામના સંગઠનનો હાથ છે એવો દાવો કોંગ્રેસ સરકાર અને તેના ઈશારે નાચતી કેન્દ્રની ગુપ્તચર એજન્સીઓ કરે છે ત્યારે અમેરિકન તપાસકારોની તપાસમાં બહાર આવેલી વિગતો પ્રમાણે માલેગાંવ બ્લાસ્ટ, હૈદરાબાદના મક્કા મસ્જિદના બ્લાસ્ટ અને અજમેરની અજમેર શરીફ દરગાહમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ પાછળ પાકિસ્તાનમાં રહીને કામ કરતું આતંકવાદી સંગઠન લશ્કરે તોયબા અને અલ-કાયદા સંગઠન જવાબદાર છે. આ બંને સંગઠનોના ઈશારે કામ કરતા હરકત-ઉલ-જિહાદ અલ ઈસ્લામીએ આ હુમલા કરાવ્યા હતા તેવું અમેરિકાએ અને યુનાઈટેડ નેશન્સે સત્તાવાર રીતે કહ્યું છે.



૨૦૧૦ના વર્ષની શરૂઆતમાં પાકિસ્તાની આતંકવાદી આસિફ ગુમાની પકડાઈ ગયો ત્યારે તેમણે કબૂલ્યું હતું કે સમજૌતા એક્સપ્રેસમાં ૨૦૦૭માં થયેલા બોમ્બ બ્લાસ્ટ તેણે કરાવ્યા હતા. આ પુરાવો જોયા પછી પણ કોંગ્રેસી નેતાઓ હિન્દુ આતંકવાદ અને ભગવાંધારી આતંકવાદીઓની પિપૂડી વગાડ્યા કરે છે. મુસ્લિમ મતબેંકને રાજી કરવા માટે હિન્દુઓને બદનામ કરવાની કોંગ્રેસની આ જૂઠાણાબાજી ખુલ્લી પડી ગઈ છે.

ચિદમ્બરમ્ જેવા મતબેંકના લાલચુ રાજકારણી ભલે ગમે તે બકવાસ કરે અને હિન્દુઓને બદનામ કર્યા કરે પણ આ દેશમાં હિન્દુઓ કદી આતંકવાદના રસ્તે ગયા નથી અને જવાની જરૂર પણ નથી. આ દેશ હિન્દુત્વના રસ્તે ચાલનારો દેશ છે. હિન્દુઓની સંસ્કૃતિના આ દેશમાં હિન્દુઓ હંમેશા રાષ્ટ્રવાદના રસ્તે જ ચાલ્યા છે, આતંકવાદના નહીં. મતબેંકની રાજનીતિમાં અંધ બનેલા ચિદમ્બરમ્ સાહેબને એ વાતની ખબર ન હોય કે ભગવો ધ્વજ શું છે ? ભગવા ધ્વજ તળે તૈયાર થયેલ ભગવાધ્વજધારી હિન્દુ સ્વયંસેવકોએ આ રાષ્ટ્ર માટે કેવાં બલિદાનો આપ્યાં છે ? ચિદમ્બરમ્ સાહેબને આ તકે એ ઇતિહાસનાં દર્શન કરાવવાં પડશે કે ભગવા ધ્વજધારકોએ શક્તિ અને સમર્પણ દ્વારા રાષ્ટ્રને કેવું ગૌરવ અપાવ્યું છે !

ભગવો ધ્વજ યુગોથી ભારતની સંસ્કૃતિ અને પરંપરાઓનું પાવન પ્રતીક રહ્યો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના ૧૯૨૫માં કરવામાં આવી ત્યારે સંઘના આદ્ય સરસંઘચાલક ડૉ. હેડગેવારે રાષ્ટ્રીય આદર્શોના સર્વોચ્ચ પ્રતીક તરીકે ભગવો ધ્વજ સ્વયંસેવકો સમક્ષ પ્રસ્તુત કર્યો. એમણે ભગવા ધ્વજને ગુરુપદે સ્થાપ્યો.

જ્યારથી ઇતિહાસ શરૂ થાય છે ત્યારથી સતત ભારત ઉપર આક્રમણો થતાં રહ્યાં છે, તેમાં મોટા ભાગનાં મુસ્લિમ આક્રાંતાઓએ આક્રમણો કર્યાં છે. આ તમામ આક્રમણો સામે હિન્દુ વીરોએ યથાયોગ્ય સામનો કર્યો છે. હિન્દુઓએ પોતાની હિન્દુ સંસ્કૃતિ બચાવવા આક્રમણોનો સતત સામનો જરૂર કર્યો છે, પરંતુ ઇતિહાસમાં એક પણ બનાવ એવો જોવા નહીં મળે કે હિન્દુઓએ અન્યોની સંસ્કૃતિનો નાશ કરવા આક્રમણો કર્યાં હોય. તો ચિદમ્બરમ્ સાહેબને અત્યારે ભગવા આતંકવાદીઓ ક્યાંથી યાદ આવ્યા ? ભગવા ધ્વજ સામે ચારિત્ર્યનિર્માણ પામેલ કરોડો સ્વયંસેવકોએ અખંડ રાષ્ટ્રનિર્માણ માટે તન, મન અને ધનથી કાર્ય કરેલ છે તેની યાદ ચિદમ્બરમ્ સાહેબને અપાવવી જ રહી.

૧૯૪૭માં પાકિસ્તાનના વિભાજન બાદ કાશ્મીર સમસ્યા સળગી ઊઠી હતી. જમ્મુ-કાશ્મીરના મહારાજા હરિસિંહજીને ભારતમાં જોડાવા માટે શ્રી ગુરુજીએ સમજાવી લીધા હતા. આ પાકિસ્તાની હુમલાખોરોએ કાશ્મીર સરહદે આક્રમણ કરી દીધું હતું. સૈન્યવિહોણા જમ્મુમાં ૨૦,૦૦૦ જેટલા પાકિસ્તાન તરફી મુસલમાનો બળવો કરવાની તૈયારીમાં હતા. આ વાતની જાણ સંઘના સ્વયંસેવકોને થતાં જ સ્વયંસેવકોએ જમ્મુ અને ગ્રામ્ય વિસ્તારમાં મોરચો સંભાળી લીધો. આ ભગવા ધ્વજધારીઓએ પાકિસ્તાન તરફી મુસલમાનોનો સફળ મુકાબલો કરી તેમની યોજનાઓ ઉપર પાણી ફેરવી દીધું અને જમ્મુ બચાવી લીધું હતું. આ સમયે લશ્કર તો સરહદ પર તૈનાત હતું. આવા કટોકટીના સમયે આ ભગવા ધ્વજધારીઓ દેશને અખંડિત રાખવામાં સફળ થયા હતા.

અંગ્રેજોના ગયા પછી પણ સ્વાતંત્ર્ય સંગ્રામનો અંત નહોતો આવ્યો. ૨જી ઓગસ્ટ, ૧૯૫૪ના દિવસે ૧૦૦ જેટલા સંઘના સ્વયંસેવકો પોર્ટુગીઝના કબજા હેઠળના દાદરા-નગર હવેલીના શેષ વિસ્તારો પર ધસી ગયા હતા અને ગેરીલા યુદ્ધપદ્ધતિ અપનાવી, ૧૭૫ જેટલા સૈનિકોને શરણે થવાની ફરજ પાડી હતી. તે દિવસે આ ભગવા ધ્વજધારકોએ જ સેલવાસના પોલીસના મુખ્ય મથક પર વિદેશી ઝંડો ઉતારી ભારતનો તિરંગો લહેરાવ્યો હતો. અખંડ ભારત અખંડ રાખ્યું હતું.

૧૯૬૨માં ચીની આક્રમણ વખતે સંઘના સ્વયંસેવકોની પ્રબળ રાષ્ટ્રભાવનાભરી કામગીરી નિહાળી પંડિત જવાહરલાલ નહેરુ એટલા બધા પ્રસન્ન થઈ ગયા હતા કે ૨૬ જાન્યુઆરી, ૧૯૬૩ના દિવસની પ્રજાસત્તાક પરેડમાં સંઘના સ્વયંસેવકોને જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું. તે દિવસે ભગવા ધ્વજ તળે દેશભક્તિના પાઠ ભણેલા ૩૦૦૦ જેટલા સ્વયંસેવકોએ સંઘના ગણવેશમાં સુસજ્જ થઈ પરેડમાં ભાગ લીધેલ.

૧૯૬૫ અને ૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુદ્ધ સમયે સ્વયંસેવકોએ પોલીસ અને સૈન્યને તમામ પ્રકારની મદદ કરી હતી. નાગરિકોને સહાય અને સેવા આપવામાં આ ભગવા ધ્વજધારકો રાત-દિવસ જોયા વગર જોડાઈ ગયા હતા.

બાહ્ય આક્રમણોના પડકારો સામે

જે સતર્કતા અને સંગઠિત રૂપે સંઘના સ્વયંસેવકોએ પ્રતિભાવ આપ્યો તે દેશની એકતા અને અખંડિતતા સામેનાં આંતરિક જોખમો સામે પણ આપ્યો છે. આ ભગવા ધ્વજધારકોએ કાશ્મીરમાં અલગતાવાદી પરિબળોને હંફાવ્યાં છે તો આસામમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો સામે લડ્યા છે. પં. બંગાળમાં પણ ઘૂસણખોરી પૂરજોશમાં છે તેને ખાળવાના પ્રયાસો થઈ રહ્યા છે.

ડૉ. હેડગેવારે તો આઝાદી પહેલાં જ ચેતવ્યા હતા કે મુસલમાનોને જીતી લેવાની પ્રક્રિયાનો અંત રાષ્ટ્રવાદની સાથે તડજોડ કરનારો ન હોવો જોઈએ. મુસલમાનોની અણઘટતી આળપંપાળ તેમની કોમી અને વિભાજનકારી વૃત્તિઓને બહેકાવશે, પરંતુ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન અને પછી કોંગ્રેસની મુખ્ય ચિંતા મુસલમાનોને પોતાના પક્ષે જીતી લેવાની હતી, જે પાછળથી તેને તુષ્ટિકરણના લપસણા માર્ગે ખેંચી ગઈ. કોંગ્રેસ આજના દિવસે પણ હજુ એ લપસણા માર્ગે ચાલી રહી છે, એનાં જીવતાં જાગતાં ઉદાહરણો કેરલનાં કટ્ટરવાદી અને આતંકવાદીઓનો પીઠ્ઠુ એવો મુસ્લિમ નેતા અબ્દુલ નાસેર મદાની અને સંસદ પરનો હુમલાખોર ફાંસીની સજા પામેલ અફઝલ ગુરુ છે.

આ દેશમાં વોટબેંકની રાજનીતિ ખેલતા રાજકારણીઓના પાપે કટ્ટરવાદીઓ કેવા મોટા આતંકવાદીઓ બની જાય છે તેનો નમૂનો મદાની છે. મદાનીનું નામ ૧૯૯૦માં દાયકાની શરૂઆતમાં જાણીતું થયું કે જ્યારે તેણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સામે ઈસ્લામિક સેવક સંઘની રચના કરી. ૧૯૯૨માં બાબરી મસ્જિદ તૂટી તે પછી મદાનીએ કેરલમાં તોફાનો ભડકાવવામાં મોટું યોગદાન આપેલું. દરમ્યાન મદાનીએ પાકિસ્તાની આતંકવાદી પ્રવૃત્તિ ચલાવતા લશ્કરે તોયબા સહિત ઘણાં આતંકવાદી સંગઠનો સાથે હાથ મિલાવ્યા.

૧૯૯૮માં કોઈમ્બતૂરમાં લાલકૃષ્ણ અડવાણીની સભાના બરાબર એક કલાક પહેલાં સીરિયલ બોમ્બ બ્લાસ્ટમાં ૬૦ નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા. આ બ્લાસ્ટ પાછળ મદાનીનો હાથ હોવાની શંકાએ તેના પર 'ટાડા' લગાવી તેને જેલભેગો કરી દેવાયો. આ સમયે કેન્દ્રમાં ભાજપ રચિત એન.ડી.એ.ની સરકાર હતી.

કોંગ્રેસ મુસ્લિમ મતોના તુષ્ટિકરણ માટે કેટલી હદે જઈ શકે છે તેનું ઉદાહરણ ૨૦૦૬ના એપ્રિલમાં જોવા મળ્યું. કેરળની તે સમયની સી.પી.એમ.ની સરકારે વિધાનસભામાં એવો ઠરાવ પસાર કર્યો કે મદાનીને માનવતાના ધોરણે જેલમાંથી છોડી મૂકવો જોઈએ. કોંગ્રેસે આ ઠરાવને ટેકો આપ્યો. જે માણસે આ દેશમાં આતંકવાદી હુમલો કરાવ્યો હતો અને ૬૦ લોકોનો ભોગ લીધો હતો તેને માનવતાના ધોરણે છોડવાનો ઠરાવ થાય અને કોંગ્રેસ તેને ટેકો આપે, એ બતાવે છે કે કોંગ્રેસનું કોમી રાજકારણ કેટલી હદે પહોંચ્યું છે.

કોંગ્રેસ મુસ્લિમ તુષ્ટિકરણ માટે જ સંસદ પરના હુમલાના 'માસ્ટર માઈન્ડ' અફઝલ ગુરુને જીવાડવા માગે છે એ વાત હવે અછાની રહી નથી. સુપ્રીમ કોર્ટે જેને ફાંસીની સજા આપી છે તે અફઝલ ગુરુને ફાંસી આપવાની દરખાસ્તને કોંગ્રેસની સરકાર ઈરાદાપૂર્વક ઢીલમાં નાંખી રહી છે. અહીં સવાલ એ છે કે કોંગ્રેસ માટે મતબેંકનું રાજકારણ મોટું કે દેશનો કાયદો મોટો ?

ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘ એમ કહે કે, 'આપણી સાધનસંપત્તિ ઉપર પ્રથમ અધિકાર લઘુમતીઓનો છે.' આ મુસ્લિમ મતોના તુષ્ટિકરણની ચરમસીમા છે.

ઈસ્લામિક આતંકવાદ સામે પ્રબળતાપૂર્વક લડવા કરતાં કોંગ્રેસ રચિત યુપીએ સરકાર હંમેશા રાજરમતની ચોપાટ પર સેક્યુલારિઝમનાં સોગઠાં રમતી નજરે પડે છે. તેમાંય ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ મોડાસા અને માલેગાંવ વિસ્ફોટો બાદ દોષનો ટોપલો હિંદુવાદી સંગઠનો પર નાખવાનો એક વ્યવસ્થિત પ્રયત્ન થઈ રહ્યો છે. આમ કરીને કોંગ્રેસી નેતાઓ અને યુપીએ સરકારે પ્રજાને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન આદર્યો છે. જો કે આ પ્રશ્ને કોર્ટમાં કેસ ચાલતો હોવાથી સત્ય બહાર આવવાનું બાકી છે પણ 'હિંદુ આતંકવાદ', 'ભગવો આતંકવાદ' જેવી ભયાનક હિંદુદ્રોહી અવધારણાને ઈજાત કરીને કોંગ્રેસી નેતાઓએ (અ)બૌદ્ધિક આતંકવાદ આદર્યો છે. લોકતાંત્રિક અને અહિંસક માર્ગે પોતાની વાત આગળ વધારનારા હિંદુ સમાજ અને તેનું પ્રતિનિધિત્વ કરતાં સંગઠનોને આતંકવાદી કહીને કોંગ્રેસી નેતાઓ કોને મદદ કરી રહ્યા છે ? આતંકવાદ જેવી ભયાનક માનવવિરોધી અવધારણાને હિંદુ ધર્મ સાથે જોડવાની હિમાયત કરનાર દિગ્ગજો હિંદુદ્રોહી બનીને કોઈ સફળતા મેળવી શકશે ખરા ?

•

૨૫ સપ્ટેમ્બર - પં. દીનદયાળ ઉપાધ્યાય જન્મદિન

# વિચારધારાને સમર્પિત વ્યક્તિત્વ પંડિત દીનદયાળ ઉપાધ્યાય



'મનોગત'ની પરંપરા પ્રમાણે આજે પં. દીનદયાળ ઉપાધ્યાયજીના જન્મદિન નિમિત્તે તેમના અલૌકિક વ્યક્તિત્વની થોડી વાતો કરીશું જે કાર્યકર્તાઓને પ્રેરણારૂપ બની રહેશે.

પંડિત દીનદયાળજી માત્ર બાવન વર્ષનું ટૂંકું જીવન જીવ્યા, પણ આ અલ્પ આયુમાં તેઓ મૌલિક અને ઉદાત્ત રાજકીય, સામાજિક અને આર્થિક દર્શન દ્વારા અમીટ છાપ છોડી ગયા. ભારતીય રાજનીતિ અને સામાજિક જીવનમાં તેઓ 'ધ્રુવતારક' બની ગયા.

## ભારતીય રાજનીતિની દીપસ્તંભ પ્રતિભા

શ્રી ગુરુજીની આજ્ઞાથી દીનદયાળ ૧૯૫૧માં સક્રિય રાજનીતિમાં જોડાઈ ગયા. રાજનીતિ પણ રાષ્ટ્રજીવનનું એક અંગ તો છે જ તેથી તેની ઉપેક્ષા કરવી બરાબર નથી તેમ માની તેઓ મન, વચન અને કર્મથી પાર્ટીના કાર્યમાં લાગી ગયા. ૧૯૫૨માં જનસંઘનું પ્રથમ અખિલ ભારતીય અધિવેશન કાનપુરમાં ભરવામાં આવ્યું. દીનદયાળની અદ્‌ભુત સંગઠન કુશળતાને લઈને આ પ્રથમ અધિવેશન અત્યંત સફળ રહ્યું. આ અધિવેશનમાં જ દીનદયાળને અખિલ ભારતીય મહામંત્રીની જવાબદારી સોંપવામાં આવી. દીનદયાળે જનસંઘને મૂલ્યનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ અને સિદ્ધાંતનિષ્ઠ પક્ષ બનાવવા તનતોડ મહેનત શરૂ કરી. જનસંઘમાં યુવા નેતૃત્વ ઊભરી આવે તેના માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા.

આદર્શ નેતૃત્વ કેવું હોવું જોઈએ તેની વાત કરતાં તેઓએ 'ઓર્ગેનાઈઝ્ડ'માં એકવાર લખ્યું હતું કે, સરઘસો, નારાબાજી, જયજયકાર વગેરેનો એક નશો હોય છે, પરંતુ તેમાંથી સાચા અને સારા લોકનેતા પેદા નથી થતા. નેતૃત્વ તો આપોઆપ ઊપસી આવવું જોઈએ, કૃત્રિમ રીતે નહિ.

દીનદયાળ પક્ષમાં કાર્યકર્તાઓનું ઘડતર અત્યંત ચીવટપૂર્વક કરતા, કારણ કે તેઓ માનતા કે પક્ષમાં કાર્યકર્તાનું સ્થાન મહત્ત્વનું છે. તેઓ કાર્યકર્તાઓની બેઠકોમાં એ વાત પર ખૂબ ભાર દેતા કે, વ્યક્તિગત સુખ, સમૃદ્ધિ, માન-અકરામ કે પદની પ્રાપ્તિ જ જીવનનું લક્ષ્ય ન હોઈ શકે. અમર્યાદિત ઇચ્છા-અપેક્ષા પર નિયંત્રણ જરૂરી છે. મહત્ત્વાકાંક્ષાનો અતિરેક પ્રગતિને રૂંધી શકે છે.

પં. દીનદયાળ વિચારધારા, મૂલ્યો અને નૈતિકતાના ભોગે કદી સમાધાન ન કરતા માટે જ પદ કે પ્રતિષ્ઠાની લાલસા તેઓને કદી સ્પર્શી શકી નહોતી. કાર્યકર્તાઓના અતિ આગ્રહને કારણે ૧૯૬૩માં લોકસભાની જૌનપુર બેઠકની પેટાચૂંટણી તેઓ લડ્યા હતા. આ બેઠક જાતિવાદના ધોરણે લડાતી હોવા છતાં તેઓએ જાતિવાદનો પ્રચાર કરવાની મનાઈ ફરમાવી. નાણાકોથળીના ઉપયોગની પણ સખ્ત મનાઈ હતી. તેઓ ચૂંટણી હારી ગયા. પત્રકારો સમક્ષ તેઓએ હસતાં-હસતાં એ વાત સ્વીકારી કે સામેના ઉમેદવારનું કાર્ય મારા કરતાં આ ક્ષેત્રમાં સારું હતું. ન કોઈ ચૂંટણીમાં ગેરરીતિની ફરિયાદ કે ન કોઈ ખોટા આક્ષેપો. આ તેઓની પહેલી અને છેલ્લી ચૂંટણી બની રહી. આ પછી તેઓ ક્યારેય કોઈ ચૂંટણી લડ્યા નહિ.

દીનદયાળજીનું સંગઠનનું અદ્‌ભુત કાર્ય જોઈ એકવાર ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ કહ્યું હતું કે, મને બીજા બે દીનદયાળ આપો તો માત્ર એક વર્ષમાં આ દેશની કાયાપલટ કરી દેખાડું.

ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની કાશ્મીર મુદ્દે શહાદત બાદ જનસંઘના સંગઠન અને વિચારધારાને મજબૂત બનાવવાનું કામ દીનદયાળ ઉપર આવી પડ્યું. એમણે એ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી. એમણે દેશમાં એક નવું, ભારતીય દર્શન ઉપર આધારિત, રાજકીય દર્શન ઊભું કર્યું. મૂલ્યનિષ્ઠા અને વિચારધારાને વરેલા રાજકીય પક્ષો કેવા હોવા જોઈએ એ તેમણે દુનિયાને બતાવ્યું. મૂલ્યનિષ્ઠ રાજકીય પક્ષની સાથે સાથે તેમણે સમર્પિત કાર્યકર્તાઓની એક શ્રેણી રચી. કર્મઠ, ત્યાગશીલ,

## પંડિત દીનદયાળજી વિશે મહાનુભાવોના અભિપ્રાયો

* દીનદયાળ એટલા બધા ભલા હતા - જેવા યુધિષ્ઠિર હતા. **- શ્રી ગુરુજી**
* મને માત્ર વધુ બે દીનદયાળ આપો તો હું માત્ર એક વર્ષમાં આ દેશની કાયાપલટ કરી નાખું. **- ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી**
* દીનદયાળ બધાને સાથે લઈને કાર્ય કરવામાં માનનારા મૂલ્યનિષ્ઠ રાજનેતા હતા. **- શ્રી અટલબિહારી વાજપેયી**
* શ્રી ઉપાધ્યાયજી અનન્ય દેશસેવક, નિષ્ઠાવાન અને ચારિત્ર્યવાન રાજનેતા હતા. **- શ્રી મોરારજી દેસાઈ**
* પંડિત દીનદયાળ દૈવી સંપત્તિ જેવા હતા. **- આચાર્ય કૃપલાણી**

વિચારશીલ કાર્યકર્તાઓ જનસંઘની પહેચાન હતી. જનસંઘનો વિરોધી પણ તેના કાર્યકર્તા સામે આંગળી ચીંધતાં પહેલાં સો વાર વિચાર કરતો.

### કુશળ સંગઠક, ઉમદા લેખક અને પ્રખર ચિંતક

પં. દીનદયાળ મૂળે સંગઠનના જીવ હતા. એના સાંનિધ્યમાં સૌ મોકળાશ અનુભવતા. જનસંઘને ખૂબ ટૂંકા ગાળામાં રાષ્ટ્રવ્યાપી સંગઠન બનાવવામાં ચિરફાળો દીનદયાળનો છે. કાર્ય, કાર્યકર્તા અને કાર્યક્રમ આ તેમનું મૂખ્ય સૂત્ર બની રહ્યું. પં. દીનદયાળના સંગઠન વિશેના મૌલિક વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

દીનદયાળે સંગઠનના મહત્ત્વને ઉજાગર કરતી સંગઠનની સુંદર વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, માત્ર લોકોનાં ટોળાં ભેગાં કરવાથી સંગઠન નથી રચાતું. ભીડમાં કે ટોળામાં લોકોની સંખ્યા ખૂબ મોટી હોવા છતાં ભીડમાં કે ટોળામાં વ્યક્તિ એકલો - અટૂલો હોય છે, કારણ કે ટોળાનું કે ભીડનું કોઈ એક સમાન લક્ષ્ય નથી હોતું, ક્યારે શું થશે, કોણ કઈ બાજુ જશે તેની કોઈ ખાત્રી નથી હોતી. પરંતુ જે સંગઠનમાં લક્ષ્ય, વિચાર, દિશા અને કૃતિ એક હોય છે, ત્યાં ભલે મોટી ભીડ કે ટોળું ન હોય, બે-ચાર વ્યક્તિ જ હોય, છતાં આવા નાના સંગઠનની પ્રવૃત્તિ ટોળા કરતાં લાખ ગણી શક્તિ પેદા કરે છે. માટે કોઈપણ સંગઠનમાં સમાન લક્ષ્ય, સમાન દિશા અને સમાન વિચાર હોવાં જરૂરી છે તો જ સફળતા શક્ય બને છે.

સંગઠન સામેના મોટા જોખમને વર્ણવતાં દીનદયાળ કહેતા કે લોકતંત્રમાં કોઈ એક વ્યક્તિની મરજી કે ઇચ્છા ન ચાલી શકે. પંડિતજી માનતા કે આપણી ઇચ્છા કે માન્યતા અન્ય પર લાદવાનો આપણને જરા પણ અધિકાર નથી. તેઓ કહેતા કે, દરેક વ્યક્તિને સામાન્ય ઇચ્છા મુજબ પોતાની ઇચ્છાને પણ ઢાળવી પડે. સંગઠનને મજબૂત અને સફળ બનાવવા સર્વસંમતિ મુજબના નિર્ણયને સ્વીકારવા ક્યારેક આપણું દૃષ્ટિબિંદુ બદલવું પણ પડે. આના માટે સંયમ જરૂરી છે. સંયમરહિત વ્યક્તિ પોતાની સારી કે નરસી ઇચ્છાઓ મુજબ કાબૂ નહિ રાખી શકે. આ સંગઠન માટેનું મોટું જોખમ છે.

કુશળ અને સફળ સંગઠક કેવા હોવા જોઈએ એ જોવું હોય તો, ભારતીય રાજનીતિમાં દીનદયાળનો જોટો જડે તેમ નથી. દીનદયાળ હજારો કાર્યકર્તાઓ સાથે વ્યક્તિગત સંબંધ રાખવાવાળા જમીની નેતા હતા. તેઓ મનથી કાર્યકર્તાઓ સાથે જોડાઈ રહેતા, પરંતુ વિચારથી સૌથી આગળ રહેતા. દીનદયાળની ઓળખ 'કાર્યકર્તાના નેતા' (ગ્રાસ રૂટ લીડર) તરીકે કરીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ નહીં ગણાય.

દીનદયાળ કાર્યકર્તાઓના માધ્યમ દ્વારા સંગઠનમાં અનેક પ્રકારના નવા નવા પ્રયોગો કરતા. તેઓ માનતા કે કાર્યકર્તાએ પ્રજા સાથે સતત સંપર્કમાં રહેવું જોઈએ. કાર્યકર્તા સંપર્ક દ્વારા સંવાદ કરવાવાળો પ્રજાનો નેતા બનવો જોઈએ. દીનદયાળે રાજકીય પાર્ટીમાં સંગઠનનું મહત્ત્વ વધારી, સંગઠનને સન્માનનું સ્થાન અપાવ્યું છે.

પં. દીનદયાળ રાજનીતિ ક્ષેત્રે કાર્યરત હોવા છતાં પ્રખર ચિંતક હતા. તેઓનું મૌલિક ચિંતન માત્ર રાજનીતિ ક્ષેત્ર પૂરતું મર્યાદિત ન હતું. તેઓએ અર્થવ્યવસ્થા તથા સામાજિક સમરસતા ઉપર ખૂબ ઊંડું ચિંતન કર્યું છે. પંડિતજીના 'એકાત્મ માનવદર્શન' ઉપર જગતભરના સમાજશાસ્ત્રીઓ અને બુદ્ધિજીવીઓએ અભ્યાસ કરી, તેને આવકાર્યું છે. અર્થતંત્ર તથા રાજનીતિ ઉપરનું તેમનું મૌલિક ચિંતન પણ અદ્‌ભુત રહ્યું છે.

દીનદયાળને લેખનપ્રવૃત્તિમાં પણ ગજબની રુચિ હતી. રાજનીતિ ક્ષેત્રે અતિ વ્યસ્ત હોવા છતાં લેખનપ્રવૃત્તિમાં તેઓ સમય કાઢી લેતા. લેખકની સાથે સાથે તેઓ સારા પત્રકાર પણ હતા. તેઓએ લખેલા થોડાં પુસ્તકો ખૂબ પ્રખ્યાત થઈ ગયાં છે. બાળકો માટે લખેલ પુસ્તક 'સમ્રાટ ચંદ્રગુપ્ત' તેઓની ઉત્તમ કૃતિ છે. ૧૬૬ પાનાંનું આ પુસ્તક પંડિતજીએ એક જ બેઠકમાં લખી નાખેલ. તરુણો માટે 'જગદગુરુ શંકરાચાર્ય' પુસ્તક પણ ઉત્તમ કોટીનું પુસ્તક ગણાય છે.

દીનદયાળે 'રાષ્ટ્રધર્મ' અને 'પાંચજન્ય' મેગેઝીનોનું સંપાદનકાર્ય પણ કરેલ છે.

### એકાત્મ માનવદર્શન

પં. દીનદયાળે વર્ષો પહેલાં એક બોધકથા વાંચી હતી. એક બુદ્ધિમાન પણ નટખટ બાળકને એના પિતાએ થોડા સમય માટે એક ખૂણામાં ચૂપચાપ બેસી રહેવા સૂચના આપી. વિશ્વના એક નકશાના થોડા ટુકડા કરી બાળકને તે જોડી આપવા કહ્યું.

બાળકને આ પ્રવૃત્તિ ગમી. તે કાગળના ટુકડાઓને જોડવા પ્રયત્ન કરતો રહ્યો, પરંતુ વિશ્વના નકશાને જોડી ન શક્યો. તેવામાં હવાના એક સપાટાએ કાગળના ટુકડાઓને ઊલટા કરી નાંખ્યા. બાળકે જોયું તો નકશાના પાછળના ભાગમાં એક માનવીનું ચિત્ર હતું. બાળકે માનવીના ચિત્રને આબેહૂબ ગોઠવી દીધું તો વિશ્વનો નકશો પણ આબેહૂબ ગોઠવાઈ ગયો.

દીનદયાળે આ બોધકથાના આ ઉપદેશ પરથી એ વાત સાબિત કરી કે એકવાર માનવને સરખી રીતે જોડી લેવામાં આવે તો દુનિયાની ગાડી પણ સરખી રીતે ચાલે. એકાત્મ માનવદર્શનનો અર્થ એ છે કે માનવ-જીવન તથા સંપૂર્ણ પ્રકૃતિના એકાત્મ સંબંધનું દર્શન.

પં. દીનદયાળ માનતા કે માનવી સૌ સરખા. વિકાસની સરખી તક સૌ માનવીને મળવી જોઈએ. શરીરના કોઈ એક ભાગમાં રોગ થયો હોય તો તે સમગ્ર શરીરનો રોગ ગણાય છે, તેમ વ્યક્તિ, કુટુંબ, સમાજ, દેશ અને અંતે વિશ્વ આખું પરસ્પર સંકળાયેલું છે. સૌનો વિચાર કરો. પ્રગતિનો માપદંડ સમાજમાં ઉપરની સીડી સુધી પહોંચેલી વ્યક્તિ નહિ, પરંતુ સૌથી નીચેના સ્તર પર બેઠેલી વ્યક્તિ ગણાવી જોઈએ. એક બાજુ ધનના ઢગલા થાય અને બીજી બાજુ ઝૂંપડપટ્ટીઓ ઊભી થતી રહે તો એ તંદુરસ્ત સમાજ ન કહેવાય. નાનામાં નાના વ્યક્તિને વિકાસની સરખી તક મળવી જોઈએ.

આપણી શ્રદ્ધાનું કેન્દ્ર, ઉપાસનાનું લક્ષ્ય, આપણા પરાક્રમ અને પ્રયત્નોનું સાધન તથા સિદ્ધિઓનો માપદંડ એવો માનવ હશે, જે શબ્દશઃ અનિકેટ-ઘરબાર વિનાનો અને કોઈપણ પ્રકારની મિલકતવિહોણો છે, એને પુરુષાર્થ ચતુષ્ટયથી યુક્ત બનાવી સમુત્કર્ષનો સ્વામી, વિદ્યા-વિનયથી સંપન્ન કરીને આધ્યાત્મિકતાનો સાક્ષાત્કાર કરાવી રાષ્ટ્ર અને વિશ્વની સેવા કરવા નિઃસ્વાર્થ અને પરિગ્રહી બનાવી શકીશું ત્યારે જ આપણો એકાત્મ માનવ સાકાર થશે.

### મૌલિક અર્થચિંતન

પંડિત દીનદયાળ ઉપાધ્યાયે ભારતીય અર્થતંત્ર વિષે ખૂબ ચિંતન કર્યું છે. તેઓનું મૌલિક ચિંતન આજે પણ એટલું જ પ્રસ્તુત છે. તેઓ કહેતા, કોઈપણ રાષ્ટ્ર વિદેશનું આંધળું અનુકરણ ન કરી શકે. આમ કરવાથી રાષ્ટ્ર પોતાનું સ્વાભિમાન, સ્વાવલંબન અને સમૃદ્ધ જીવન ગુમાવી બેસે છે. આપણા દેશની હાલત પણ અત્યારે આવી જ છે. કારણ કે આપણે વિદેશના આંધળા અનુકરણ પાછળ આપણી હિન્દુ જીવનદર્શનની અનુભવસિદ્ધ પદ્ધતિ ગુમાવી દીધી છે. જો કે એમનું આ દર્શન સંકુચિત નહોતું. દુનિયાની પ્રગતિ, વિજ્ઞાનની નવી નવી શોધો, યંત્રો વગેરેને એમણે ક્યારેય નકાર્યાં નથી. એમણે કહ્યું છે કે, દરેક દેશની એક પ્રકૃતિ હોય છે. દરેક દેશ માટે નક્કી થયેલું એક કર્તવ્ય હોય છે. એની બહાર જનાર દેશ ટકી ન શકે. તેઓ કહેતા, જગત આખાનું જ્ઞાન સમગ્ર માનવજાતની મૂડી છે, એનો વારસો છે, પરંતુ વિદેશમાં વિકસિત આ જ્ઞાન, યંત્રો, ટેક્નોલોજી, વિજ્ઞાન આપણે જરૂર જેટલાં જ લેવાં જોઈએ. આપણા દેશની જરૂરિયાત જેટલું જ તેમાંથી સ્વીકારવું જોઈએ. આ વાતને સાદી અને સરળ ભાષામાં સમજાવવા તેઓએ એક સૂત્ર આપેલ 'દેશબાહ્ય એટલે વિદેશથી લાવેલું હોય તેને દેશાનુકૂળ બનાવીએ, યુગ બાહ્ય હોય તેને યુગાનુકૂળ બનાવીએ અને પછી વાપરીએ.' સાદી ભાષામાં કહીએ તો વિદેશનાં સંશોધનોને આપણા દેશ માટે અનુકૂળ બને, એ રીતે જ વાપરવાં જોઈએ. પંડિતજી કહેતા, માનવી

### એક ઔર યુધિષ્ઠિર

એની કર્મઠતાને હું જાણું છું અને એ ગુણવાન તથા બુદ્ધિમાન છે એય જાણું છું. સંઘપ્રચારક તરીકે સંગઠનશાસ્ત્રમાં કુશળ છે એનો તો મને જાતઅનુભવ હતો. મધુર વાણી, પ્રેમાળ વ્યવહાર અને દરેક પ્રકારના માનસિક તથા બૌદ્ધિક સંતુલનને કારણે પોતાના ક્ષેત્રમાં એ અસાધારણ સ્થાનનો અધિકારી બનશે એનીયે મને ખાતરી હતી; પરંતુ જગત સામે આવ્યો અને અસાધારણ સ્થાન હાથવેંતમાં હતું ત્યાં જ એ ચાલી નીકળ્યો.

દેશમાં તો એને ઘણું ઉચ્ચ સ્થાન મળ્યું હતું અને એથીય ઉચ્ચ સ્થાન મળી શકત – મળવાનું જ હતું; પણ દુનિયાભરમાં એના નામનું લોકો સ્મરણ કરે એ સ્થિતિ આવતાં પહેલાં એ ચાલ્યો ગયો એનું જ મને દુઃખ છે. જેમ પોતાનો કોઈ દીકરો બુદ્ધિશાળી હોય, હોશિયાર હોય, ખૂબ સારી રીતે પરીક્ષાઓમાં સફળ થતો હોય, ફરતે સઘળે એની નામના થતી જતી હોય એવી જ પળે એ અધવચ્ચે આમ ઊપડી જાય તો એનાં માબાપની શી દશા થાય ? ઘણા બધા લોકો ગૃહસ્થો છે, તેથી આની કલ્પના કરી શકે છે. હું ઘરબાર વગરનો છું એથી મને જે દુઃખ છે એ ગૃહસ્થો કરતાં સો ગણું વધુ છે... એટલું જ કહીશ કે દીનદયાળને ઈશ્વરે આંચકી લીધો.

તે પ્રત્યક્ષરૂપે વિરોધી પક્ષના એક ટોચના નેતા હતા. પોતાને જે અનિષ્ટ અને ખામીભર્યું જણાય એ અંગે સાફસાફ શબ્દોમાં અભિપ્રાય આપવો એ એમની ફરજ હતી, જે એમણે બજાવી પણ છે; છતાં એમના હૈયામાં ક્યારેય કટુતા નહોતી. તેઓ ખૂબ પ્રેમપૂર્વક બોલતા. મારે તો એમની સાથે ઘણો સંબંધ હતો. કદી કોઈના પ્રત્યે એ જરીકે નારાજ નહોતા થયા. કદાચ કોઈ કંઈક નુકસાન કરે તોય એને માટે કદી અપશબ્દ વાપર્યો નથી. તેઓ એટલા બધા ભલા હતા – જેવા યુધિષ્ઠિર હતા. યુધિષ્ઠિર દુર્યોધનને હંમેશાં સુયોધન કહીને બોલાવતા, કેમકે એના નામમાં 'દુઃ' અક્ષર હતો. એ જ રીતે એનામાં કદી કટુતા વરતાઈ નથી – શબ્દોમાં નહીં, વાણીમાં નહીં, હૃદયમાં પણ નહીં જ.

– શ્રી ગુરુજી

સૌ સરખા. સૌને વિકાસની સરખી તક મળવી જોઈએ. એક બાજુ ધનના ઢગલા થાય અને બીજી બાજુ ગરીબી વધતી રહે તો એ તંદુરસ્ત સમાજ ન કહેવાય.

દુનિયાના પ્રત્યેક દેશ માટે આર્થિક સમસ્યા આજે ખૂબ જ વિષમ બની ગઈ છે. આ સમસ્યા હલ કરવાના વિવિધ ઉપાયો પશ્ચિમના વિદ્વાનોએ સૂચવ્યા છે, પરંતુ લગભગ દરેકનો દૃષ્ટિકોણ એકાંગી જ રહ્યો છે. પંડિત દીનદયાળજીની દૃષ્ટિએ આર્થિક સમસ્યાનું મૂળ 'ઉત્પાદન' છે. ઉત્પાદન પર વધુ ભાર મૂકવાને કારણે જ મૂડીવાદનો ફેલાવો થયો. નવાં શોધાયેલાં યંત્રો આ વધતા જતા ઉત્પાદનમાં કારણભૂત બન્યાં અને આ યંત્રોના માલિકો જ ઉત્પાદનના પણ માલિક બની ગયા. આમ, મૂડીવાદનો વિકાસ થયો. હવે જ્યારે શ્રમજીવીઓને નફામાં ભાગ ન મળ્યો ત્યારે એમનામાં પ્રત્યાઘાત પેદા થયા અને એમણે એક નવી જ પ્રથા સમાજવાદ કે સામ્યવાદ વિકસાવી, જેમાં ફેરવહેંચણી પર વધુ ભાર મૂકવામાં આવ્યો અને એ કારણે રાજ્યે વ્યક્તિને કચડી પણ નાખી.

વિદેશના વિદ્વાનોનું ધ્યાન વપરાશ તરફ ગયું નથી. પંડિતજીનું માનવું હતું કે વપરાશ એ જ ઉત્પાદન અને વિતરણ બંનેની ધરી છે. પશ્ચિમના દેશોએ વધુ ને વધુ ઉપભોગ કરવાની એની સંસ્કૃતિને વિકસાવી. આ જ નીતિ એના દુઃખનું મોટું કારણ બની ગયું. સંપૂર્ણ સામ્યવાદ જેના આધારે ઊભો થયો છે એ વર્ગસંઘર્ષ આવા ઉપભોગને કારણે જ જાગે છે. ભારતીય સિદ્ધાંત વર્ગસંઘર્ષનું ખંડન કરે છે. ભારતીય સંસ્કૃતિએ ઉપભોગને નિયંત્રિત કરીને વધુ ને વધુ ઉપભોગને બદલે ઓછામાં ઓછા ઉપભોગને આદર્શ લેખ્યો છે.

પંડિત દીનદયાળજીના આર્થિક મૌલિક ચિંતનને જગતભરના અર્થશાસ્ત્રીઓએ વખાણ્યો છે. પંડિતજીના આદર્શ વિચારો ઉપર દુનિયાના અનેક વિદ્વાનોએ અભ્યાસ કર્યો છે. પંડિતજીનું દર્શન હતું કે, બધાં ખેતરને પાણી મળે, ન્યાયી વિતરણ વ્યવસ્થા હોય, ધનનો એક જગ્યાએ સંગ્રહ ન થાય, ધન ફરતું રહે અને સૌના કલ્યાણના કામમાં આવે. પંડિતજીએ વપરાશ પર અંકુશ રાખવાનું કહ્યું છે. તેઓ કહેતા, પ્રકૃતિ પાસેથી પણ જરૂર પૂરતું જ લેવું જોઈએ. કુદરતી સંપત્તિને બેફામ લૂંટવાની લાલચ રોકવા તેઓએ ભારપૂર્વક કહ્યું છે.

પંડિત દીનદયાળે જનસંઘના ૧૯૬૭ના કાલિકટ અધિવેશનમાં અધ્યક્ષીય પ્રવચનમાં અર્થતંત્ર ઉપર બોલતાં કહ્યું હતું, 'આર્થિક યોજનાઓ અને પ્રગતિનું માપ સમાજની ટોચે પહોંચેલા લોકો નહિ, પણ છેક તળિયે બેઠેલો માણસ હોવો જોઈએ. આપણી ભાવના અને સિદ્ધાંત એ છે કે સમાજના અશિક્ષિત, સીધાસાદા અને છેવાડાના લોકો જ આપણા નારાયણ છે. આ લોકોની આપણે પૂજા કરવાની છે. આ લોકોને શિક્ષિત બનાવી, તેમને પાકાં મકાનો, ઉદ્યોગોમાં તેમને કુશળ બનાવી રોજી રોટી આપવાની છે. જે માતાપિતા તેમનાં બાળકોનું ભવિષ્ય બનાવવા અસમર્થ છે તેમને આપણે આશા અને પુરુષાર્થનો સંદેશો નહીં પહોંચાડીએ ત્યાં સુધી રાષ્ટ્રને જાગૃત નહિ બનાવી શકીએ.'

પંડિતજીની દૃષ્ટિએ અર્થવ્યવસ્થા એવી હોવી જોઈએ કે જે વ્યવસ્થા આપણા માનવત્વને વિકસિત કરે, આપણા માનવત્વને જીવતું રાખે. પ્રત્યેકને કાર્ય એ અર્થકારણનું આધારભૂત લક્ષ્ય હોવું જોઈએ. ઈશ્વરે આપેલા હાથ આપમેળે ઉત્પાદક નથી બનતા. તેમને કામ અને મૂડીનો સહયોગ પૂરો પાડવો પડશે.

પં. દીનદયાળજીનું અર્થવ્યવસ્થા વિષેનું ઝીણવટભર્યું ચિંતન દાદ માગી લે તેવું અદ્‌ભુત હતું. અર્થતંત્રને અસર કરે તેવાં દરેક પાસાંઓનો અભ્યાસ તેઓએ ઊંડાણપૂર્વક કર્યો હતો. અર્થવ્યવસ્થામાં ઉદ્યોગોની સાથે સાથે દીનદયાળજી ખેતીક્ષેત્રને પણ ખૂબ સ્વીકારતા. યોજનાઓની પ્રાથમિકતામાં તેઓ ખેતીને પ્રધાનતા આપતા. આમ કરવાનાં અનેક કારણોમાં પ્રમુખ કારણ એ હતું કે ખૂબ નાના મૂડીરોકાણમાં ખૂબ મોટી રોજગારીની ક્ષમતા કૃષિ-ઉદ્યોગમાં રહેલી છે. વળી, કૃષિ-ઉદ્યોગમાં ટૂંકા સમયગાળામાં ઉત્પાદન ઉત્પાદકના હાથમાં આવી જાય છે. અર્થવ્યવસ્થામાં ખેતીનું મહત્ત્વ, પં. દીનદયાળજીના આ વિચારને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત અર્થશાસ્ત્રીઓએ પણ સ્વીકાર્યું છે.

૧૯૭૬-૭૭માં બ્રિટિશ અર્થશાસ્ત્રી પ્રો. જોન મેલોરે ભારતીય અર્થવ્યવસ્થા ઉપર સંશોધન કરી એક પુસ્તક લખ્યું હતું. પુસ્તકનું નામ છે, 'ધ ન્યૂ ઇકોનોમિક્સ ઑફ ગ્રોથ'. પ્રો. જોન મિલર, 'ઇન્ટરનેશનલ બેંક ફૉર રિકન્સ્ટ્રકશન એન્ડ ડેવલપમેન્ટ' નામની અર્થસંસ્થા તથા યુનોની 'ફૂડ એન્ડ એગ્રિકલ્ચરલ ઑર્ગેનાઇઝેશન'ના અગ્રણી આર્થિક સલાહકાર હતા. પ્રો. જોન મેલોરે પણ પં. દીનદયાળજી દ્વારા પ્રસ્તુત વિચાર, ખેતીને અર્થવ્યવસ્થામાં પ્રધાનતાને સમર્થન આપ્યું છે. જોન મેલોરે દીનદયાળના અર્થવ્યવસ્થા ઉપરના મૌલિક વિચારોની ખૂબ પ્રશંસા કરી છે.

## વ્યક્તિગત નહીં, સમગ્રતાનો વિચાર

તેમણે કહ્યું કે માણસનો વિચાર તેના સમગ્રમાં થવો જોઈએ. વ્યક્તિનું હિત કે અહિત તેના સ્થૂળ સ્વરૂપ સુધી સીમિત નથી. સમાજ અને વ્યક્તિ અલગ નથી, તેથી પશ્ચિમી વિચાર મુજબ વ્યક્તિને માત્ર - ઇચ્છાઓનું પોટલું ગણીને તેની ઇચ્છાઓ અથવા ભૌતિક જરૂરિયાતોની પૂર્તિને પ્રાથમિકતા આપવી એ અધકચરો અને ભૂલ ભરેલો વિચાર છે. તેમણે ઇચ્છાઓના નિયંત્રણ ઉપર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ક્ષુધાપૂર્તિ જરૂરી છે, પરંતુ માત્ર પેટ ભરવાથી સર્વાંગી વિકાસ ન થાય. પેટની ઉપર હૃદય અને મસ્તિષ્ક પણ છે. એમનું પોષણ પણ જરૂરી છે. ખાસ છે મોઢું, પરંતુ તેથી સમગ્ર શરીરનાં, તમામ અંગોને બળ મળે છે. શાસનનું દરેક પગલું સમગ્ર સમાજને, છેવાડાના માનવી સુધી લાભ પહોંચાડે તેવું હોવું ઘટે. વ્યક્તિ અને સમષ્ટિ

બંનેનો સમગ્રમાં વિચાર કરવો જોઈએ. વ્યક્તિ જુદા જુદા અવયવોનો ઢગલો નથી અને સમાજ પણ અલગ અલગ ઘટકોનો સમૂહ નથી. એક અંગ પુષ્ટ બને અને બાકીનાં નબળાં રહે તે સ્વસ્થ સમાજની નિશાની નથી, તેથી જ ઉપનિષદે 'ત્યાગીને ભોગવી જાણો.' તેન ત્યક્તેન ભુઞ્જીથાઃનો ઉપદેશ આપ્યો. દેશ અને વ્યક્તિ સામેની સમસ્યાઓનો વિચાર પણ તેના સમગ્રમાં થવો જોઈએ.

### સ્વદેશીની ભાવના

તેઓ સ્વદેશીની ભાવનાના પુરસ્કર્તા હતા. સ્વદેશી મૂડી, સ્વદેશી સંસાધનો અને સ્વદેશી શ્રમ દ્વારા ઉત્પાદન તેમની પ્રાથમિકતા હતી. રોજગારલક્ષી નીતિ અને ઉદ્યોગો જરૂરી ગણાતા. તેમણે શ્રમનો મહિમા કરવા સૂચવ્યું. અતિ વિરાટ અને મોટાં યંત્રો ધરાવતા ઉદ્યોગોને કારણે કેન્દ્રીકરણ થાય છે. ગામડાં, પરંપરાગત ધંધા ધરાવતા ઉદ્યોગોને કારણે કેન્દ્રીકરણ થાય છે. ગામડાં, પરંપરાગત ધંધા તૂટે છે. મોટા લઘુ અને ગ્રામ-કુટિર ઉદ્યોગોની મર્યાદાઓ આંકવાના તેઓ હિમાયતી હતા. ઘરમાં બને તે કુટિર કે ગ્રામ ઉદ્યોગમાં ન બને. નાનું યંત્ર બનાવી શકે એ ચીજો મોટાં યંત્રો દ્વારા ન બને. આમ થાય તો વિકેન્દ્રીકરણ શક્ય બને અને ગામડાં તૂટતાં બચે. શહેરો તરફની દોટ અટકે. તેમણે યંત્રીકરણની મર્યાદા આંકી હતી. ખાનગી ક્ષેત્રને પૂરતી સ્વાયત્તતા અને વધુ પડતાં નિયંત્રણોથી મુક્ત રાખવાની હિમાયત કરી હતી. તેમણે લઘુતમ વેતન ઉપરાંત સ્થાયી પગારપંચની વાત કરી હતી. ઉત્પાદન વૃદ્ધિની આવક મજૂરી અને મૂડીપતિ વચ્ચે યોગ્ય રીતે વહેંચવાનો વિચાર મૂક્યો હતો.

### સંઘર્ષ નહિ, સમન્વય

તેમણે કહ્યું કે ભારતીય દર્શન આર્થિક ઉપાર્જન અને કામનાઓને પણ મહત્ત્વ આપે જ છે, પરંતુ અર્થ અને કામને ધર્મ અને મોક્ષના સંપુટમાં મૂકે છે. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું કે ધર્માવરુદ્ધો કામોઽસ્મિ અર્થાત્, હું ધર્મથી નિયંત્રિત કામનો છું. ઇચ્છાઓ અને સંપત્તિના નિર્માણ ઉપર ધર્મનું નિયંત્રણ અને અંતિમ લક્ષ્ય મોક્ષ એટલે કે જીવનના ઉત્તરાર્ધમાં પૂર્ણ સંતોષનો ભાવ. તેમણે સ્પષ્ટ કહ્યું કે અહીં ધર્મનો અર્થ ઉપાસના પદ્ધતિ નથી થતો. ભારતીય દર્શનમાં ધર્મ એક વિશાળ અને વ્યાપક સંકલ્પના છે. ધારયતે ઇતિ ધર્મઃ અર્થાત્, સમાજજીવનની ધારણા કરે, તેને ટકાવે તથા ભૌતિક અને આધિભૌતિક બંને પ્રકારના વિકાસ તરફ પ્રેરે તેવા નીતિ-નિયમો એટલે ધર્મ. અંગ્રેજોએ 'રિલિજિયન' શબ્દને ધર્મના પર્યાય તરીકે પ્રયોજ્યો, પરંતુ રિલિજિયનનો અર્થ પંથ, સંપ્રદાય કે મજહબ થઈ શકે, ધર્મ નહિ. પંથ, સંપ્રદાય, મજહબમાં એક ધર્મપ્રવર્તક અને એક જ ધર્મગ્રંથ હોય છે. ભારતમાં અનેક પંથોપપંથો છે એ તેમનું પણ આ જ લક્ષણ છે. એ ઉપાસના પદ્ધતિઓ છે. ધર્મની અંતર્ગત આવી અસંખ્ય ઉપાસના પદ્ધતિઓને સમાવેશ હોઈ શકે, પણ ધર્મ પોતે વિશાળ છે. હિન્દુ કે સનાતન ધર્મ કહેતાં કોઈ એક પંથ, મજહબ કે ઉપાસના પદ્ધતિનો બોધ નથી થતો. શૈવ, વૈષ્ણવ કે શાક્ત છે એ માત્ર હિન્દુ કહેવાથી સ્પષ્ટ નહિ થાય. આમ ધર્મ તો એક જીવનપદ્ધતિ છે.

દીનદયાળે આગળ વધીને વ્યક્તિ, સમાજ અને પ્રકૃતિ સહિત સમગ્ર ભૂમંડલ પરસ્પરાવલંબી હોવાનું સાબિત કર્યું. માનવીની આવશ્યકતાઓ પ્રકૃતિ પૂરી કરે છે. હવા, પાણી, બળતણ, ધાતુઓ, વસ્ત્રો માટેનો કાચો માલ પ્રકૃતિની જ દેણ છે. તેથી પ્રકૃતિનું શોષણ ન કરતાં તેનું દોહન જ કરવું ઘટે. આ સંતુલન બગડે એટલે સમગ્ર માનવજાતિ માટે મુશ્કેલીઓ ઊભી થાય. આજે વન વિનાશ અને પ્રચંડ માત્રામાં ભૂગર્ભજળ ઉલેચવાનાં દુષ્પરિણામો આપણી સામે છે. પંડિતજીએ આઝાદીનાં પ્રારંભિક વર્ષોમાં આપેલી ચેતવણી આજે પણ પ્રાસંગિક છે. સમાજના વિભિન્ન ઘટકો પણ પરસ્પરાવલંબી છે. શ્રમ વિના ઉદ્યોગ શક્ય નથી, તેમ બુદ્ધિ અને ધન વિના પણ ચાલે તેમ નથી. આ ત્રણેનો સમન્વય આવશ્યક છે. તેથી વર્ગસંઘર્ષ નહિ, પણ પરસ્પર પૂરક બનવાનું વલણ જ હિતાવહ છે.

### રાષ્ટ્રની સેવાનું વ્રત

જનસંઘના કાલિકટ અધિવેશનમાં (૧૯૬૮) તેમનું પહેલું અને છેલ્લું અધ્યક્ષીય ઉદ્‌બોધન સદાય સ્મૃતિમાં જડાયેલું રહે એમ છે :

'આપણે કોઈ સંપ્રદાય વર્ગની સેવાનું નહિ, પણ સંપૂર્ણ રાષ્ટ્રની સેવાનું વ્રત લીધું છે. તમામ દેશવાસીઓ આપણા બંધુઓ છે. આપણે જ્યાં સુધી આ તમામ બાંધવોને ભારતમાતાના સાચા પુત્રો હોવાનું યોગ્ય ગૌરવ પ્રદાન ન કરાવી શકીએ, તેમના ઘા ઉપર મલમપટ્ટી ન કરી શકીએ ત્યાં સુધી પગ વાળીને બેસીશું નહીં. આપણે ભારતમાતાને સાચા અર્થમાં સુજલામ્ સુફલામ્ બનાવીને જ જંપીશું. તે દશ પ્રહરણધારિણી દુર્ગા બનીને અસુરોનો સંહાર કરશે, લક્ષ્મી બનીને જન - જનને સમૃદ્ધ કરશે અને સરસ્વતી બનીને અજ્ઞાનાંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવશે. હિંદુ મહાસાગર ને હિમાલયથી આવરી લેવાયેલ ભારતખંડમાં જ્યાં સુધી એકરસતા, કર્મઠતા, સમાનતા, સંપન્નતા, સુખ અને શાંતિની સમજાહ્નવીનો પુણ્યપ્રવાહ ન લાવી શકીએ ત્યાં સુધી આપણું તપ અધૂરું રહેશે.'

'આપણે ભૂતકાળના ગૌરવથી અનુપ્રાણિત છીએ, પરંતુ તેને ભારતના રાષ્ટ્રજીવનનું સર્વોચ્ચ બિંદુ નથી માનતા. આપણે વર્તમાન પ્રત્યે યથાર્થવાદી છીએ, પરંતુ એની સાથે જકડાયેલા નથી. આપણી આંખોમાં ભવિષ્યનાં સ્વર્ણિમ સ્વપ્નો છે. આપણે નિદ્રાળુ નથી, પરંતુ સ્વપ્નોને સાકાર કરનારા જાગ્રત કર્મયોગી છીએ. અનાદિ અતીત, અસ્થિર વર્તમાન અને ચિરંતન ભવિષ્યની કાલજયી સનાતન સંસ્કૃતિના આપણે પૂજારી છીએ.' •

# ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના જુદી જુદી જવાબદારીઓ નિભાવીને સફળ રહેલા મહાનુભાવોની રાષ્ટ્રીય સ્તરે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન ગડકરીજીએ નિમણૂક કરી

ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના જુદી જુદી જવાબદારીઓ નિભાવીને સફળ રહેલા મહાનુભાવોની રાષ્ટ્રીય સ્તરે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન ગડકરીજીએ નિમણૂક કરી હતી. આ મહાનુભાવો ગુજરાત ભાજપાના સંગઠન અને સમયે સમયે સત્તામાં રહીને પ્રજા કલ્યાણલક્ષી કાર્યોને વેગ આપનારા રહ્યા છે.

**શ્રી જયંતિભાઈ બારોટ**

ભારતીય જનસંઘથી રાષ્ટ્રીય સેવામાં કાર્યરત શ્રી જયંતિભાઈ બારોટની સિનિયર સિટીઝન સેલના સહકન્વીનર તરીકે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન ગડકરીજીએ તાજેતરમાં નિમણૂક કરી હતી. શ્રી જયંતિભાઈ બારોટ ભારતીય જનસંઘના સમયકાળથી વિવિધ જવાબદારીઓ નિભાવતા આવ્યા છે. ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ, ભાજપાના પ્રદેશ મહામંત્રી, ખાદી બોર્ડના ચેરમેન તેમજ રાજ્યસભાના સાંસદ તરીકે તેઓશ્રીએ સેવાઓ આપી છે.

**શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

ભાજપાના કિસાન મોરચાના મહામંત્રી તરીકે તાજેતરમાં નિમણૂક પામનાર શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ગુજરાત રાજ્યના મંત્રીમંડળમાં કૃષિમંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. અમદાવાદ જિલ્લા ભાજપાના સંગઠનક્ષેત્રના અધ્યક્ષનો હોદ્દો સંભાળી પ્રદેશના ઉપાધ્યક્ષ તરીકે પણ તેઓશ્રીએ કાર્ય કર્યું છે. યુવા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ રહી ચૂકેલા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તાજેતરમાં યોજાયેલી ગૌ-ગ્રામ રથયાત્રામાં પણ અગત્યની ભૂમિકા નિભાવી હતી. ભાજપા રાષ્ટ્રીય કાર્યકારિણીના સદસ્ય શ્રી ચુડાસ્મા વરિષ્ઠ ભાજપા કાર્યકર્તા છે.

**શ્રી ઝવેરભાઈ ચાવડા**

ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે કાર્યરત શ્રી ઝવેરભાઈ ચાવડાની ભાજપાના અનુસૂચિત મોરચાના ઉપાધ્યક્ષ પદે તાજેતરમાં નિમણૂક કરી છે. શ્રી ઝવેરભાઈ ચાવડા નિવૃત્ત કલેક્ટર છે. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના ચેરમેન તરીકે તેમજ કામદાર કલ્યાણ બોર્ડના ચેરમેન તરીકે તેઓશ્રીએ સેવા આપેલ છે. શ્રી ઝવેરભાઈ ચાવડા ભાજપાના ગુજરાત પ્રદેશના શિસ્ત સમિતિના ચેરમેન છે.

**ડૉ. જગદીશભાઈ ભાવસારને રાષ્ટ્રપતિના હસ્તે ઍવોર્ડ**



ભાજપાની પ્રદેશ કારોબારીના સભ્ય ડૉ. જગદીશ ભાવસારને તાજેતરમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ પ્રતિભાદેવી પાટિલ દ્વારા સ્કાઉટ-ગાઈડના સિલ્વર-સ્ટાર ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ડૉ. જગદીશ ભાવસાર સ્કાઉટ-ગાઈડ સંઘના પ્રદેશ ઉપાધ્યક્ષ અને રાષ્ટ્રીય ફાઈનાન્સ કમિટીના મેમ્બર છે. મનોગતની સંપાદક ટીમના પણ તેઓશ્રી સભ્ય છે. શિક્ષણક્ષેત્ર સાથે વર્ષોથી યુનિવર્સિટી તેમજ શાળા સાથે સંકળાયેલા છે.

**શ્રી ભરતભાઈ ગાજીપરા**

જૂનાગઢ જિલ્લા ભાજપાના અગ્રણી, યુવા ભાજપાના પ્રદેશના પૂર્વ ઉપાધ્યક્ષ, બાર-કાઉન્સિલના પૂર્વ ચેરમેન તેમજ જૂનાગઢ જિલ્લા પંચાયતના પૂર્વપ્રમુખ શ્રી ભરતભાઈ ગાજીપરા, છેલ્લાં કેટલાંક વર્ષોથી રાષ્ટ્રીય સ્તરે પંચાયતી રાજ સેલમાં કાર્ય કરી રહ્યા છે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ગડકરીજીએ તાજેતરમાં તેઓશ્રીની પંચાયત સેલના રાષ્ટ્રીય કન્વીનર તરીકે નિમણૂક કરીને રાષ્ટ્રીય કક્ષાએ તેઓશ્રીની સેવા લેવાનું નક્કી કરી ગુજરાતનું સન્માન કર્યું છે.

**શ્રી બાલુભાઈ શુક્લ**

વડોદરા મહાનગરમાં સંગઠન સ્તરે કાર્યરત બાલુભાઈ શુક્લનું ઉચ્ચ અભ્યાસુ વ્યક્તિત્વ છે. તેઓશ્રી વડોદરા મહાનગરના મેયર તરીકેનું સ્થાન શોભાવી રહ્યા છે. વડોદરાના સાંસદ તરીકે સૌથી વધુ સરસાઈથી ચૂંટાયેલા શ્રી બાલુભાઈ શુક્લની ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ગડકરીજીએ શહેરી વિકાસ સેલના સહકન્વીનર તરીકે તાજેતરમાં નિમણૂક કરી છે.

આ ઉપરાંત સુરતના સાંસદ અને મહિલા મોરચાના આગેવાન શ્રી દર્શનાબહેન જરદોશની મહિલા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે તેમજ ગુજરાતના લઘુમતી મોરચાના આગેવાન શ્રી ગનીભાઈ કુરેશીની લઘુમતી મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક કરી છે. •

# ભાજપા દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમોની તસવીરો



REGD. NO. GAMC 563/2009-11 VALID UP TO 31-12-2011 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. CPMG/GJ/50/09-11 VALID UP TO 31-12-2011 / PERMITTED AT AHD. PSO ON EVERY 12/13/14 & 27/28/29 TH Ev



## આ ભગવા આતંકવાદનું જુઠ્ઠાણું પણ વોટ બૅન્કની અને તુષ્ટીકરણની ગંદી રાજરમતનું જ અંગ છે. દેશ ક્યારેય આવી ગંદી રાજરમતને સાંખી ન શકે.

મિત્રો,

કેન્દ્રની કોંગ્રેસ સરકારના ગૃહ પ્રધાનપદે બેઠેલા શ્રી ચિદમ્બરમૂજીને જો ઇતિહાસ યાદ હોત કે તેઓ જે ખુરશી પર બેઠા છે તે ખુરશીને ભારતના લોહપુરુષ સરદાર પટેલ શોભાવતા હતા. તેમને આટલું યાદ હોત તો બદઈરાદાપૂર્વક સમજી વિચારીને 'ભગવા આતંકવાદ' જેવા તદ્દન કાલ્પનિક જુઠ્ઠાણાને જન્મ આપ્યો ન હોત.

કેન્દ્ર સરકારે લગાવેલો આ આક્ષેપ કોઈ ચૂંટણીસભામાં આવેશમાં બોલાયેલો આરોપ નથી, પરંતુ દેશના પોલીસ મહાનિર્દેશકોની અત્યંત મહત્ત્વની અને અતિ સંવેદનશીલ એવી રાષ્ટ્રકક્ષાની પરિષદમાં રજૂ થયેલો છે. વળી તે પણ અગાઉથી તૈયાર કરેલ ભાષણ રૂપે બોલાયો છે. આ કૃત્યને નાનીસૂની ઘટના તરીકે લઈ શકાય તેવી બાબત નથી. કેન્દ્રીય કોંગ્રેસ સરકારના ગૃહમંત્રીશ્રીએ ભારતની બંધારણની મર્યાદાઓ બહાર જઈને, સુરક્ષાબળોને તેમાંય પોલીસને એક ચોક્કસ વર્ગ વિરુદ્ધ પૂર્વગ્રહિત કરવાનું બંધારણ વિરુદ્ધનું કૃત્ય કર્યું છે.

કેન્દ્ર સરકારે ભગવા આતંકવાદની વાત કરીને તેમની જ માતૃસંસ્થા કોંગ્રેસનું પણ ઘોર અપમાન કર્યું છે. દિલ્હીની કોંગ્રેસ સરકારના ગૃહમંત્રીશ્રીને ખબર હોવી જોઈએ કે ૧૯૩૧માં કોંગ્રેસે બનાવેલી ઝંડા સમિતિના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદજી હતા અને જે સમિતિના સભ્ય તરીકે પંડિત જવાહરલાલ નહેરુ, શ્રી મોલાના આઝાદ, શ્રી માસ્ટર તારાસીંગ, ડૉ. આંબેડકર, કાકાસાહેબ કાલેલકર, કનૈયાલાલ મુનશી જેવા દિગ્ગજો હતા તે કોંગ્રેસની ઝંડા સમિતિએ ભારતનો રાષ્ટ્રધ્વજ એક જ રંગનો હોવો જોઈએ અને તે ભગવા રંગનો હોવો જોઈએ તેવી ભલામણ કરી હતી. કેન્દ્રની કોંગ્રેસ સરકાર કેવી રીતે 'ભગવા આતંકવાદ' જેવું જુઠ્ઠાણું ફેલાવી શકે ?

મિત્રો, ભારતનો વર્તમાન ત્રિરંગો ઝંડો જેને આપણે સહુ નમન કરીએ છીએ તેની શોભામાં પણ ભગવા રંગનું સ્થાન છે. કેન્દ્રની કોંગ્રેસ સરકારે દેશવાસીઓને જવાબ આપવો પડશે કે શું ત્રિરંગો ઝંડો પણ ભગવા રંગના કારણે હવે આતંકવાદની ઓળખ બની ગયો છે ?

મિત્રો, હજારો વર્ષની ગુલામી સામે દરેક યુગમાં ક્ષાત્રતેજને વરેલા મહાપુરુષો ભગવા ધ્વજની છત્રછાયામાં બલિદાન આપતા રહ્યા છે. આ દેશની સંસ્કૃતિની રક્ષા માટે બલિદાન આપનાર ગુરુપુત્રો, છત્રપતિ શિવાજી, રાણા પ્રતાપ કે લાખ્ખો ક્ષત્રિય વીરોનાં બલિદાન 'ભગવા આતંકવાદ'નો ભોગ બને એવું કેન્દ્રની સરકાર ઇચ્છે છે ? શું પરાક્રમ અને ત્યાગના ઈતિહાસને પણ લાંછિત કરવાનો છે ?

મિત્રો, વેદથી વિવેકાનંદ સુધીની આપણી સાંસ્કૃતિક યાત્રામાં સંતો, મહંતોનું યોગદાન અમર છે. તેઓ સહુ ભગવાધારી હતા. ભગવાં વસ્ત્ર ધારણ કરેલ યુવા સંન્યાસી સ્વામી વિવેકાનંદે દુનિયામાં ભારતનું ગૌરવ વધાર્યું હતું. શું ભગવા રંગે રંગાયેલ આ ત્યાગ, તપસ્યાની સંતપરંપરા પણ કોંગ્રેસ સરકાર માટે ભગવા આતંકવાદની પરંપરા છે ?

વોટ બેંન્ક અને તુષ્ટિકરણની રાજનીતિએ દેશને બરબાદ કર્યો છે. આ ભગવા આતંકવાદનું જુઠ્ઠાણું પણ વોટ બૅન્કની અને તુષ્ટીકરણની ગંદી રાજરમતનું જ અંગ છે. દેશ ક્યારેય આવી ગંદી રાજરમતને સાંખી ન શકે.

ભારતની મહાન સંસ્કૃતિનું અપમાન ક્યારેય સહન ન કરી શકાય.

યુવાનો, ઊઠો, જાગો અને જવાબ માંગો...

આપનો,

નરેન્દ્ર મોદી

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel
On behalf of
Pandit Deendayal Upadhyay Smruti Trust.
Printed at Sadhana Mudranalay Trust,
City Mill Compound, Kankaria Road,
Ahmedabad and Published from
Pandit Deendayal Upadhyay Smruti Trust,
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.